A HAND-ROSARY OF ESSAYS

COLLECTON

I.

Bead No 1...Friendship. 2...Self-interest.
3...Mental Delusion.

નિબંધકરમાળા.

સમુદાય ૧ લો.

મણકો ૧ લો...મિત્રતા, ૨ જો...સ્વાર્થ,
૩ જો...ભ્રમપ્રકાશ.

Price 6 Annas.

આ પુસ્તક ઇનામમાં આપવા સરકારે મંજૂર કર્યું છે.

નિબંધ કરમાળા.

સમુદાય ૧ લો.

મણકો ૧ લો..............મિત્રતા.

મણકો ૨ જો..............સ્વાર્થ.

મણકો ૩ જો..............બ્રમપ્રકાશ.

રચનાર

કરમઅલી રહીમ નાનજીઆણી. બી. એ.,

કચ્છ કેરા

છઠ્ઠી આવૃત્તિ.

"સુરત સીટી" પ્રીન્ટીંગ પ્રેસ-સુરત.

કસનદાસ નારણદાસ બુકસેલર—સુરત.

કીંમત આના છ.

છપાવી પ્રસિદ્ધ કરનાર—

બાલુભાઇ કસનદાસ નારણદાસ બુકસેલર.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—નાણાવટ—સુરત.

સુરત—ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રીન્ટીંગ પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપી.

પ્રસ્તાવના.

આ પુસ્તકની ચોથી આવૃત્તિ થવા પામી છે તે ઉપરથી લોકપ્રિયતા સહજ કળી શકાય છે, અને તેથી આનંદ ઉપજે છે. પરંતુ કેટલાક ટ્રેન થએલા મહેતાજીઓ પણ ત્રીજા મણકાનો કેટલોક ભાગ બિલકુલ સમજી શકતા નથી એ જાણી જુદીજ રીતની લાગણી ઉત્પન્ન થાય છે. અનુમાન એમ થઈ શકે છે કે એ વિષય જેટલા ધ્યાનથી વાંચવો ઘટે તેટલા ધ્યાનથી નહિ વંચાયો હોય ત્યારેજ નહિ સમજાયો હોય, કેમકે સમજી શકાય એવી ભાષા વાપરવા પૂરો પ્રયાસ કરવામાં આવેલો છે. પ્રથમની આવૃત્તિઓમાં સૂચવેલું છે તે પ્રમાણે એ વિષય એકાગ્રહ ચિત્ત રાખી પુષ્કળ અવકાશ સમયે વાંચવાનો છે. ઉપર ટપકે વાંચ્યાથી લક્ષમાં રહી જાય એવું એ પ્રકરણ નથી. એમાં મનની દગાઈઓ સમજાવી નિયમો આપવામાં આવેલા છે. સંકટ, ક્રોધ, ખિન્નતા, પ્યાર ઇત્યાદિ કારણોને લીધે જ્યારે મન ટટાર રહી શકતું નથી ત્યારે તેની વક્રતામાંથી નાના પ્રકારના જે ભ્રમ ઉપજે છે તે એમાં સ્પષ્ટપણે દર્શાવ્યા છે. પુષ્કળ વિવેચન સહિત ભ્રમનાં પેટાં પેટાઓમાં છે, અને ત્યાર કેડે કાર્ય કારણ સંકળના સમજાવેલી છે. જગતનાં નિત્યનાં કાર્યોમાં ફલાણો બનાવ બન્યો તે શા કારણથી એ પ્રશ્ન મનની સામે વારંવાર ખડો થાય છે. કારણ જાણવાની જિજ્ઞાસા મનને એટલે દરજ્જે હોય છે કે તેના આવેશમાં ઉતાવળે બહુવાર ખોટું કારણ ગ્રહણ કરી લે છે. કોઈ અસાધારણ બનાવ બન્યો તો તેનું કારણ તેની પૂર્વે તરતનો બનેલો બનાવ કિંવા બનાવો છે એમ અસાવધ મન એ બેઉ વચ્ચેનો સંબંધ જોયા કે તપાસ્યા વિના માની લે છે. અકસ્માતથી બે ત્રણ વાર એમ બન્યું કે અમુક બનાવ પછી અમુક બનાવ બન્યો તે ઉપરથી અજ્ઞાન મન પૂર્ણ રીતે અવલોકન

કર્યા વગર એમ સમજી જાય છે કે એ પ્રથમનો બનાવ પાછળના બનાવનું કારણ હોવુંજ જોઇએ. આવી રીતની ભૂલો ન થાય તથા એક બનાવ પછી તરત બનેલા બીજા બનાવને તેનું કાર્ય સમજતા પહેલાં કેટકેટલીક અને કેવી રીતની શરતો અવસ્યની છે ઇત્યાદિ સંબંધી સટીક નિયમો આપેલા છે. એ નિયમ ધીરજ, ધ્યાન, તથા સંભાળથી વાંચવાના છે તેમ કર્યા વિના બરાબર સમજાય એમ નથી. દરેક નિયમ માટે પુસ્તકમાં આપેલાં દૃષ્ટાંતો શિવાય બીજાં વાંચનારે વિચાર પહોંચાડી શોધી કાઢવાં જોઇએ.

ઉપર કહેલા નિયમો લાગુ પાડવામાં કેવા પ્રકારની ભૂલો થવાનો સંભવ રહેલો છે અને તે દૂર કરવા કેવી રીતની સાવચેતી રાખવી જોઇએ તે વિષે પણ વિસ્તારથી વિવેચન કરેલું છે.

આ **કરમાળા** ગૂંથવામાં લૉર્ડ **બેકન, મિલ,** તથા **ફાઉલરના** ગ્રંથોની મદદ ઘણેક સ્થળે લીધેલી છે.

ભૂમેલ.	**કરમઅલી રહીમ નાનજીઆણી, બી. એ.**
તા. ૧-૪-૯૮	(ડેપ્યુટી એ૦ ઇન્સપેકટર, ખેડા વિભાગ)

જુદે જુદે સ્થળેથી માગણીઓ આવ્યાથી પાંચમી આવૃત્તિ બહાર પાડવાનો પ્રસંગ આવ્યો ને ઉપરથી લોકપ્રિયતા પોતાની મેળે પ્રકાશ પામે છે પરંતુ આ લેખકને ખાસ ચિત્ત પ્રસન્નતા નામાંકિત ઉત્કૃષ્ટ સાક્ષર રા. રા. ગોરધનરામ ત્રિપાઠી, બી. એ. એલ. એલ. બી ના અભિપ્રાયથી ઉદ્દ્ભવે છે. તેઓ લખે છે કે "Tho treatment though novel in Gujarati essay-writing is what I always wish our writers to adopt. There is a systcni a close reasoning, a classification an avoidence of truism and an appeal to observation & experience in your few but useful essays."

"આપની લખવાની પદ્ધતિ, હાલ જે જે ગુજરાતી નિબંધો લખાય છે તેમાં નવિન ગણી શકાય, છતાં ગુજરાતી લેખકો એ પદ્ધતિ પ્રમાણે ચાલે એમ હું સદા ઇચ્છતો આવ્યો છું. આપના થોડા પણ ઉપયોગી નિબંધોમાં, વ્યવસ્થા, બારીક તર્કજ્ઞાન, ખરી પણ છેક ઉઘાડી બાબતોનો ત્યાગ, અને પ્રયોગ તથા અનુભવ તરફ નિર્દેશ જોવામાં આવેછે."

દીવાનબહાદુર અંબાલાલ સાકરલાલ દેશાઈ તથા વડોદરા રાજ્યના માજી વિદ્યાધિકારી સાહેબ રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના ઉચ્ચ અભિપ્રાયથી ઉપર દર્શાવેલી લાગણી વૃદ્ધિએ પામે છે.

વડતાલના કવિ ભાઇશંકરના પદ્યાત્મક વર્ણનનો થોડો ભાગ રસિક જાણી નીચે ટાંકયો છે.

નિબંધ કરમાળા તણો, પરથમનો સમુદાય;
સંકળના બહુ શોભિતી, વજનદાર વરતાય.
ગૂંથણી છે આ ગ્રંથની, અજબ કરી દે એમ;
સરલ વિષય સરકાવિયો, સમજી શકે જન જેમ.
મદ કરી મણકા મહિં મદયાં, ઘડયા ઘણા ઘટદાર:
ધ્યાનપૂર્વક ધારતાં, આવી મળે આધાર.

છ૦ ર૦ ના૦

મિત્રતા.*

જ્યારે બે જણ વચ્ચે ઓળખાણ થયેથી અથવા ગુણ માલૂમ પડયાથી મનનું કેટલેક અંશે ઐક્ય પ્રાપ્ત થઈ હૃદયના સંયોગ માટે પરસ્પર ખેંચાણ થાય છે ત્યારે તેઓ ખરા મિત્ર કહેવાય છે, અને એ કાર્ય કે હાલત તે મિત્રાચારી કે મિત્રતા.

હાલનો વિષય વધારે સ્પષ્ટ રીતે સમજાય તે માટે જો તેની અંદર ઉતરતા પહેલાં મિત્રતાને મળતા અર્થના શબ્દો લઈ એક બીજાની સાથે મુકાબલો કરીને તપાશીએ કે તેઓની વચ્ચે શો તફાવત છે તો તે અઘટિત કહેવાશે નહીં, એ શબ્દની સાથે અર્થમાં નિકટ સંબંધ ધરાવનારા શબ્દો 'દોસ્તી,' 'મૈત્રી,' 'મિત્રાચારી' મોહોબત 'પ્રીતિ,' અને 'પ્યાર' છે. પહેલ વહેલાં આપણે તપાશીએ કે મિત્રતા, મૈત્રી અને દોસ્તી વચ્ચે કાંઇ તફાવત છે કે નહિ. સહજ વિચાર કરતાં માલૂમ પડશે કે જે ઠેકાણે આપણે દોસ્તી શબ્દ વાપરીએ છીએ, તે ઠેકાણે આપણે મિત્રતા તેમજ મૈત્રી વાપરી શકીએ છીએ, અને તેમ કરતાં આપણી મતલબમાં જરાપણ ફેર પડતો નથી, તે ઉપરથી માલૂમ પડે છે કે મિત્રતા, મૈત્રી અને દોસ્તી વચ્ચે અર્થમાં કશો તફાવત નથી. પહેલા બે શબ્દો સંસ્કૃત ભાષામાંથી નીકળેલા છે અને ત્રીજો ફારસી ભાષામાંથી. મિત્રાચારીમાં એ ત્રણે શબ્દોથી જરા જુદી રીતનો ભાવ રહેલો છે તે મિત્ર મિત્ર વચ્ચેનો સંબંધ અથવા નાતો બતાવે છે. જરા વધારે વિચાર કરતાં માલૂમ પડશે કે જે જે ઠેકાણે આપણે દોસ્તી, મોહોબત અને પ્યાર વાપરીએ છીએ તે તે ઠેકાણે આપણે પ્રીતિ શબ્દ વાપરી શકીએ છીએ એટલુંજ નહિ, પણ કેટલેક ઠેકાણે આપણે પ્રીતિ શબ્દ વાપરીએ

---

* આ નિબંધ ઈ. સ. ૧૮૮૧ માં 'બુદ્ધિવર્ધક' સભામાં મેં વાંચ્યો હતો, અને ૧૮૮૨ માં 'જ્ઞાનવર્ધક' નામના ચોપાનિયામાં છપાયો હતો તેમાં ઘણો સુધારો મેં પાછળથી કર્યો છે.

છીએ, અને દોસ્તી મોહોબત કે પ્યાર તેવે દરેક ઠેકાણે વાપરી શક્તા નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રીતિ એ શબ્દ સૌથી સામાન્ય છે, એટલે કે સૌથી ઓહોળા અર્થનો છે. હવે દોસ્તી, મોહોબત, અને પ્યાર વિષે વિચાર કરવાનું રહ્યું. દોસ્તી ફક્ત કાર્ય કે હાલત બતાવે છે. અને મોહોબત હાલત તેમજ લાગણી બન્ને બતાવે છે. જેમકે 'મારી અને તેની વચ્ચે દોસ્તી છે,' 'મારો તેના ઉપર પ્યાર છે,' એ વાક્યોમાં દોસ્તીને ઠેકાણે પ્યાર કે પ્યારને ઠેકાણે દોસ્તી વાપરી શક્તા નથી, પણ મોહોબત બન્ને ઠેકાણે વાપરી શકાય છે. હવે મોહોબત જ્યારે હાલત બતાવે છે ત્યારે દોસ્તી અને મોહોબત વચ્ચે શો ફેર છે તે તપાસીએ; ફેર એટલોજ કે બહુ નજીકની દોસ્તી તે મોહોબત કહેવાય છે. હવે બાકી તપાસવાનું એટલુંજ રહ્યું કે મોહોબત જ્યારે લાગણી બતાવે છે ત્યારે તેની અને પ્યારની વચ્ચે શો ફેર છે. ઇશ્વરે મૂકેલો **કુદરતી ચાહ** આપણે "પ્યાર" વડે દર્શાવીએ છીએ; જેમકે મા-બાપનો બચ્ચા ઉપર પ્યાર, ભાઇ બહેનનો પ્યાર, ઇત્યાદી પરંતુ એ ઠેકાણે આપણે મોહોબત વાપરતા નથી. બીજી રીતનો ફેર એ છે કે–પ્યારની સાથે જ્યારે ઇશ્ક ભેળાયલો હોય છે ત્યારે ઘણું કરી મોહો-બત વપરાય છે. આ **અર્થભેદ** આ વિષયમાં દાખલ કરવામાં મારો ખાસ હેતુ એ છે કે એ બાબત ઉપર આપણા દેશી ભાઇઓનું લક્ષ ખેંચાય; કારણ કે અંગ્રેજીમાં ઘણાં પુસ્તકોમાંથી એવા અર્થભેદ મળી શકે છે, પરંતુ ગુજરાતીમાં હજુ સુધી મારા વાંચવામાં એવી એકે ચોપડી આવી નથી. કોઇ કહેશે કે એ તો નકામી માથાકૂટ છે પણ તેમ નથી. એવા એવા અર્થભેદથી ભાષા ખેડાતી જાય છે અને જેમ પડતર જમીન ખેડાયાથી આબાદ થાય છે તેમ ભાષાની આબાદીનું એ એક સાધન છે. વળી એ ભાષાના અભ્યાસીઓને એથી એક સગવડ થઈ પડે છે.*

* પ્રેમ, સ્નેહ, અને ચાહના અર્થભેદ વિષે વાંચનારાઓએ પોતેજ વિચાર કરવો.

દોસ્ત ત્રણ પ્રકારના છેઃ–**જાની, ઝબાની, અને નાની.** જે આપણને અંતઃકરણથી ચાહતા હોય તે આપણા જાની દોસ્ત; જેઓ જીભે મિઠાસ રાખે તે ઝબાની; અને જેઓ ફક્ત આપણા પૈસા ખાવા વાસ્તે અથવા પોતાની ગરજ સારવા માટે આપણા દોસ્ત થાય તેઓ નાની દોસ્ત કહેવાય. ફારસી ભાષામાં 'નાન' શબ્દનો અર્થ રોટલી થાય છે અને તે ઉપરથી નાની દોસ્ત એટલે જેઓ ફક્ત રોટલી વાસ્તે રોટલાવાળાના દોસ્ત થાય છે તે; અથવા બીજા બોલોમાં બોલીએ તો જેઓ **પૈસાની ચિકાસ** ઉપર લલચાઇને પૈસાદારના દોસ્ત થાય તે.

જાની દોસ્ત બે પ્રકારના છે; એક તો જેઓ પોતાને પૈસા સંબંધી ગમે તેટલું નુકસાન થતું હોય તેની દરકાર ન કરતાં મિત્રનો હાથ ગ્રહે; બીજા, જેઓ પોતાના મિત્રને નાણાની મદદ કરે એટલુંજ નહિ, પણ તેને આપદામાંથી બચાવવાને પોતાનો જીવ જોખમમાં આવી પડે તેમ છતાં પણ પછાત નહિ પડે; એવા દોસ્તો વિરલાજ હોય છે; એવા મિત્રો તો ભાગ્યશાળીનેજ મળી શકે અને જેઓ એવા મિત્રો મેળવવામાં પાર પડયા છે તેઓને આ દુનિયામાં ખરેખરા સુખી ગણવા જોઇએ.

ઝબાની દોસ્ત—એવા દોસ્તોના પણ બે વિભાગ થઈ શકે છે; એક તો જેઓ પોતાના દોસ્ત ઉપર પ્યાર રાખે ખરા, પણ તેમને સહાય કરવામાં જો તેઓને હાનિ નહિ થતી હોય તોજ તેમ કરે; અને બીજા જેઓ પોતાના મિત્રને મદદ કરવામાં પોતાનું સહેજસાજ નુકસાન થતું હોય તોપણ તેમ કરે ખરા. એવા દોસ્તોને તાળી મિત્રો પણ કહી શકાય.

જાની દોસ્તો મિત્રાચારી બાંધવામાં સ્વાર્થ રાખતા નથી અને એવી દોસ્તી ઘણું કરી નીભી શકે છે. Love without end has no end એટલે કે 'સ્વાર્થ વિનાની પ્રીતિ હમેશ સુધી ટકે છે.'* એવા દોસ્તો આપણા સુખ તેમજ દુઃખમાં ભાગ લે છે અને

---

* આ ઠેકાણે એન્ડ (end)ના બે અર્થ છે સ્વાર્થ અને અંત.

તેઓના ભાગ લેવાથી દુઃખ અર્ધું થઈ રહેછે અને સુખ બમણું થાય છે. તેમાં પણ વિશેષ કરીને દુઃખની વખતે તેઓ વધારે પરિચય રાખે છે, કારણ કે સુખની વેળા કરતાં દુઃખની વેળાએ મિત્રની વધારે અગત્ય છે. કહ્યું છે કેઃ—

મરા યાર બાયદ દરઅયામે ગમ;
બશાદી નયાયદ મરા યાર કમ.

(અર્થ) 'મને દુઃખની વખતે દોસ્તની જરૂર છે, સુખની વખતે તો મને દોસ્તનો ટોટો નથી.'

જેમ લુણ વગર અન્ન ફિક્કું લાગે છે, તેમ મિત્ર વિના મોજમઝાહ ફિક્કી લાગે છે, તથાપિ સુખની વખતે મોજમઝાહમાં ભાગ લેનાર દોસ્ત નહીં હોય તો આપણને ઘણી અવધડ પહોંચતી નથી. પરંતુ આપણે જ્યારે કાળચક્રથી સંકટરૂપી સાગરમાં ગરક થઈ ગયા હોઇએ ત્યારે તેમાંથી ઉગારવા મિત્રની મદદ આપણને કેટલી અગત્ય છે અથવા જ્યારે નિષ્ફળતાનો જબરો ઘાવ આપણા હૃદય ઉપર લાગે છે ત્યારે દોસ્તના દિલાસારૂપી મલમની કેટલીક જરૂર છે! દોસ્તની પરીક્ષા દુઃખની વેળાએ થાય છે. દોસ્તને જ્યારે દુઃખની કસોટી ઉપર કસવામાં આવે છે ત્યારેજ તેની ખરી કીમત માલુમ પડે છે. Prosperity gains friends and adversity tries them એટલે કે સુખની વખતે દોસ્તો એકઠા થાય છે અને દુઃખની વખતે તેમની પરીક્ષા થાય છે. જે દોસ્ત આપણને ગરજની વખતે કામ નહીં આવે તે શા કામનો? A friend in need is a friend inded, એટલે કે ગરજની વખતે કામ આવે તેજ ખરેખર દોસ્ત. કોઇ કોઇ દોસ્તની વચ્ચે પ્રીતિનો ઝરો એવો તો પૂર જોશથી વહ્યા કરે છે કે કોઇ પણ તરેહની આ દુનિયાની નડતર તેને વહેતાં બંધ પાડી શકતી નથી અને તેઓને પ્યાર એક બીજા ઉપર એવો તો દ્રઢ અને અનહદ હોય છે કે તેઓ જાણે એક બીજાને ભૂલીજ જાય છે અને પોતાના દોસ્તનુંજ કલ્યાણ તે પોતાનુંજ કલ્યાણ

સમજી લે છે; અને પોતાના મિત્રોને બચાવવાને પોતાનો જીવ અર્પણ કરવાને **અચકાય** નહિ; એટલુંજ નહિ પણ તેમાં આનંદ માને. આવી દોસ્તીનો એક તારીફ લાયક નમુનો નીચે આપું છું.

સાઇરેક્યુઝ શેહેરમાં ડેમન અને પેથીઅસ નામના બે મિત્રો રહેતા હતા. તેઓ એક બીજા ઉપર અતિશય પ્રીતિ રાખતા હતા. એક દિવસ એવું બન્યું કે ડેમનને કંઈ રાજદ્વારી કારણસર ત્યાંના જુલમી હાકમ ડાયોનિસીયસે ફાંસીની શિક્ષા કરી. ડેમનને આ સજાને તાબે થવું પડયું; પણ તેણે પોતાની સ્ત્રી અને બચ્ચાંની છેલ્લી ભેટ લેવાને માગી લીધું. ડાયોનિસીયસે એ અરજ કબુલ રાખી, પણ તે એવી શરતથી કે તેને બદલે જામીન તરીકે પીથીઅસ ફાંસીના દિવસ સુધી કેદમાં રહે, અને જો તે દિવસે ડેમન પાછો ન આવે તો તેને બદલે પીથીઅસને ફાંસી દેવામાં આવે. પીથીઅસે એ શરત ખુશીની સાથે કબૂલ રાખી. ફાંસીનો દિવસ નજીક આવ્યો પણ ડેમન પાછો વળ્યો નહિ. ડાયોનિસીયસ કેદખાનામાં પીથીઅસ પાસે ગયો અને વગમાં કહ્યું 'કેમ તારો સાચો મિત્ર કયાં છે'? પીથીઅસે જવાબ વાળ્યો 'તે ખરેખર સાચોજ મિત્ર છે અને તે ખચિત પાછો આવશે'; ડાયોનિસીયસ કહે 'તું તો મૂરખો છે. મરવાને તે વળી કોઇ પાછો આવતો હશે? તારા જેવો ભોળો નથી કે મોતના પંજામાંથી એક વખત છટકી ગયા પછી જાણી જોઇ પાછો ફસાય.' પીથીઅસે કહ્યું 'ઇશ્વર કરે ને તમારૂં કહેવું સાચું ઠરે. ઇશ્વર આગળ મારી એજ પ્રાર્થના છે કે એ પાછો ન આવે, કેમકે એ બચરવાળ છે તેથી મારા કરતાં એની ઝિંદગાની વધારે અગત્યની છે.' ફાંસીનો મુકરર કરેલો વખત આવ્યો, પણ ડેમન પાછો આવ્યો નહિ. આખરે પીથીઅસને ફાંસીનાં લાકડાં આગળ લઇ ગયા ત્યાં તેણે એકઠા થયલા લોકો આગળ આવી રીતનું ભાષણ કર્યું:—"ગૃહસ્થો! મારો મિત્ર હજી નથી આવ્યો તેથી તેના સાચવટ ઉપર કદાચ તમને શક ઉત્પન્ન થયો હશે, પરંતુ તમારે એવી રીતનો બિલકુલ શક રાખવો નહિ. તમો જુઓ

છો કે આજે બહુ તોફાન છે તેથી એના આવવામાં ઢીલ થઇ હશે એ કારણથી કદાચ તે મોડો આવે; પણ પાછળથી તમારી ખાત્રી થશે કે મારૂં બોલવું સત્ય હતું પણ હવે હું વખત ખોવા માગતો નથી, અબઘડી તે આવી લાગશે. જલાદ! તું તારૂં કામ જલદી કર." હજી છેલ્લા શબ્દો **તેના હોઠ ઉપર હતા** એટલામાં જોશભેર ઘોડો દોડાવતો અને "સબર કરો! સબર કરો!!" પુકારતો એક જણ આવી લાગ્યો. **એ કોઈજ નહિ પણ ડેમન હતો. ડાયોનીસીયસને એના સાચવટ** વિષે પતીજ થઈ અને **તેને મોતની શિક્ષા માફ કરી** એટલુંજ નહિ, પણ તે દિવસથી બન્નેને, પોતાના મિત્ર કરી રાખ્યા. ધન્ય છે એવા મિત્રોને!

"એક વિચારે થાએ કામ, મન વળગેલાં આઠે જામ;
જીવ એક ને જુજવી કાય, મિત્રાચારી ત્યાં કહેવાય."
"જયમ ઓળો દિન ઊતરે, મોટો થાતો જાય;
ત્યમ મૈત્રી સર્જન તણી, દાડી વધતી થાય." (નર્મ કવિતા)

નાની દોસ્તો જ્યાં સુધી આપણી પાસે પૈસો હોય છે ત્યાં સુધી આપણી સોડ મૂકતા નથી, અને મીઠી મીઠી વાતો કરી આપણને રીઝવવાને વાસ્તે તરેહવાર યુક્તિઓ કરે છે. જેમ માખો ગોળ ઉપર ગણગણાટ કરે છે તેમ એ દોસ્તો પણ જ્યાં સુધી પૈસારૂપી ગોળ આપણી પાસે હોય છે ત્યાં સુધી તે ઉપર હેતના શબ્દનો ગણગણાટ કરે છે, પણ જેમ જેમ આપણા પૈસા ઓછા થતા જાય છે તેમ તેમ તેઓની પ્રીતિ પણ ઓછી થતી જાય છે, અને જ્યારે આપણે છેક ગરીબી હાલતમાં આવીએ છીએ ત્યારે જાણે તેઓ આપણને મળ્યાજ નહિ હોય તેમ મ્હોં ફેરવી ચાલ્યા જાય છે; અને પીઠ પાછળ નિંદા કરે તે વળી વટાવમાં "કેવો મૂર્ખો કે પોતાના પૈસા આવી રીતે ઉડાવી દીધા" ઇત્યાદિ કહે છે. એવી દોસ્તીનો નમુનો પણ નીચે આપું છું. એ દાખલો શેકસપીઅરના "ટીમન ઑાવ ઍથન્સ" ના નાટકમાંથી લીધો છે.

ઍથન્સના શેહેરમાં ટીમન નામનો એક અમીર રહેતો હતો. એ અમીર એટલો તો દોલતમંદ હતો કે તેની દોલત હિસાબના વર્તુલમાં આવી શકે નહીં. જાણે કારૂન કે કુબેરનો ખઝાનો તેને હાથ લાગ્યો હોય અથવા જાણે લક્ષ્મી તેની લોંડી થઇ સેવા કરતી હોય એટલું દ્રવ્ય તેની પાસે હતું. તે ઉદાર અને સખી હોવાથી મોકળે હાથે પૈસો ખરચતો. દરરોજ સંખ્યાબંધ મહેમાનો તેને ત્યાં જમવા આવતા, મોટા મોટા માનબર લોકો અમીરો વગેરે એ ખાણામાં ભાગ લેતા. એ માંહેલા કેટલાક અમીરો તેના ખાસ માનીતા થઇ પડયા હતા. ટીમન તેઓની સારી રીતે બરદાસ્ત લેતો, તેઓને રોજ રોજ ઊંચા પકવાનો જમાડતો, અને નવી નવી બક્ષિસોથી નવાઝતો. એ બક્ષિસોના બદલામાં તેઓ રંગીન ભાષાથી તેની સખાવતની તારીફ કરતા, તરેહવાર રીતે ખુશામદ કરતા, અને પોતાનો પ્યાર બતાવવામાં એક બીજાની સરસાઇ કરતા, અને જાણે ટીમનને વાસ્તે પોતાનો જીવ પણ અર્પણ કરવાને રાજી હોય એવું ડોળ ઘાલતા. આ ભોળા દિલનો અમીર તેઓનું સર્વ કહેલું સાચું માનતો અને તેઓને પોતાના ભાઇ સમાન ગણતો. આમાંના ઘણાજ માનીતા લુશીઅસ, લુકુલસ, સેમપ્રોનીઅસ અને વેન્ટીડીઅસ એ નામના હતા. એ છેલ્લા શખ્સને તેણે પૈસાની મોટી રકમ આપીને કેદખાનામાંથી છોડવ્યો હતો. આ ચારે દોસ્તદારોને વખતસર મદદ કરવામાં તથા તેઓને મોજમઝાહ કરાવવામાં તે અતિશય ખરચ કરતો. એ વગેરે બીજા પણ ઘણા નકામા ખરચ રાખતો. એવી રીતે રોજ રોજ ઉજાણીઓ, નાચરંગ વગેરે જોઈ તેના એક વફાદાર નોકરના દિલમાં ઘણું લાગી આવતું, તેથી એ નોકર પોતાના શેઠને એ બાબત પર ધ્યાન આપવાને વારંવાર વિનંતિ કરતો પણ ફોકટ. એ અમીર તો એવું સમજતો કે મારૂં દ્રવ્ય કોઈ કાળે ખુટવાનું નથી. ગમે એટલી દોલત એની ગંજાવર હતી, પરંતુ આવા લખલૂટ ખરચ આગળ કાંઈ ટકી શકે નહિ. રફતે રફતે તેનું રોકડ નાણું સર્વ તણાઈ

ગયું અને ત્યાર પછી તે ગરાસ વેચવા લાગ્યો તેનો પણ આખરે છેડો આવ્યો અને સામું કરજ થઈ ગયું. હવે ખરચને વાસ્તે પૈસા તો જોઇએ તેથી ઉપલા નોકરે શેઠ આગળ આવી કહ્યું કે 'માગનારાઓ તકાઝો કરે છે અને આપણી પાસે તો કાંઈ રહ્યું નથી,' શેઠ કહે આપણી આટલી બધી જમીન છે તે વેચતો કાં નથી'? નોકર કહે 'અફસોસ! તે તો બધી વેચાઇ ગઇ છે.' એમ કહેતાં તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. શેઠ કહે 'તું ખિન્ન થઇશ નહિ. મારા એટલા બધા મિત્રો છે ત્યારે મને પૈસાની શી ફિકર છે? એમ કહી પોતાના ચાકરોને બોલાવીને પોતાના જુદા જુદા મિત્રોને ઘેર પૈસા લેવા મોકલ્યા. પહેલો ચાકર લુકુલસને ઘેર ગયો. આ ખૂબીવંતા દોસ્તે ગઇ રાતના સ્વપ્નામાં એવું જોયું હતું કે ટીમને તેને એક સરસ સોનાની રકાબી ભેટ કરી. તે પોતાનું સ્વપ્નું સાચું પડવાનો ખ્યાલ કરતો બેઠો હતો, એટલામાં ટીમનનો ચાકર આવી લાગ્યો. તેને જોઇને તે મનમાં મલકાવા લાગ્યો કે મારો ખાબ ખરો પડશે, પણ જરા રહી તેને માલૂમ પડયું કે ટીમને ઉલટા પૈસા મંગાવ્યા છે, ત્યારે બિચારો નિરાશ થયો અને નિર્લજ્જ થઇ નોકરને કહ્યું "તું ઘણો ચંચળ દીસે છે. આ લે બે પૈસા તને આપું છું તે, અને તારા શેઠની આગળ એવું જાહેર કરજે કે એ મને મળ્યોજ નથી." તેના બાકીના મિત્રો પણ નિમકહરામી બજાવવામાં કાંઇ ઓછા ઉતર્યા નહિ, અને જે વેન્ટીડીઅસને તેણે જેલમાંથી છોડાવ્યો હતો તે પણ ટીમનના માણસને ઠાલે હાથે પાછો વાળતાં લજવાયો નહીં. ટીમનના તેઓ એટલા આભારી હતા કે તેઓ તેને વાસ્તે ગુલામ તરીકે વેચાય તોપણ તેના આભારોને બદલો વાળી શકે નહિ. જ્યારે ટીમન પોતાના દોસ્તોની બેવફાઈથી વાકેફ થયો ત્યારે તેના દિલ ઉપર કેવો કારી ઝખમ લાગ્યો હશે તેનો વિચાર આપણને સહજ આવી શકે. તે એટલો તો નિરાશ થયો અને દુનિયા તેને એવી તો અકારી થઈ પડી કે તેણે સર્વસ્વ

ત્યાગ કર્યું અને પશુઓની મિસાલે એક ગુફામાં વસવા લાગ્યો અને તે દિવસથી તે તમામ માણુસજાતને ધિક્કારવા લાગ્યો. એવા મિત્રોથી સાવચેત રહેવું જોઇએ.

દોસ્તને પસંદ કરવા વિષે—મિત્રાચારી બાંધવાની અગાઉ પુખ્ત વિચાર કરવો જોઇએ, કારણુ કે આપણું દિલ કોઈની સાથે બંધાઇ ગયું અને પાછળથી તે નાલાયક માલૂમ પડયો તો પછી મિત્રાચારીની ગાંઠ છોડવી મુશ્કેલ થઇ પડે છે. કોઇ પણ શખ્સની સાથે દોસ્તી બાંધવાને આપણું મન ઇચ્છે તો પહેલવહેલાં તેના ગુણદોષ બુદ્ધિના ત્રાજવાથી તોળી જોવા અને જો એવું માલમ પડે કે ગુણોની સાથે સરખાવતાં દોષ નજીવા છે (કારણુ કે દરેક માણુસમાં થોડા ઘણા દોષ તો હોવાજ જોઇયે) તો તેની સાથે સંગત કરવી, અને જો તેમ કીધાથી એમ માલૂમ પડે કે તે ખરેખર આપણા ઉપર પ્રીતિ રાખે છે તો તેની સાથે દોસ્તી બાંધવી. લુચ્ચાઓ તેમજ નાદાન સાથે દોસ્તી કરવી નહિ, કારણ કે નાદાન દોસ્તો ઘણી વખતે દુશ્મનની ગરજ સારે છે. કહ્યું છે કે, **નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો.** ગરીબ માણુસે ધનવાનની સાથે દોસ્તી કરવા પ્રયત્ન કરવો નહિ કેમકે એવી દોસ્તી ટકી શકતી નથી અને કોઇ વખતે એમાંથી ખરાબી થાય છે.

દોસ્તીથી થતા ફાયદા—લોર્ડ બેકન મૈત્રીના બે મુખ્ય ફાયદા બતાવે છે. "Friendship maketh indeed a fair day in the affections from storm and tempests.

અર્થ—મૈત્રી મનોવિકારરૂપી મોજાઓ અને તોફાનને શાંત પાડી રળિઆમણો દીવસ કરી દે છે. It maketh a daylight in the understanding out of darkness and confusion of thought." એટલે વિચારોનો અંધકાર અને ગભરાટ દૂર કરી બુદ્ધિ ઉપર તે પ્રકાશ નાંખે છે. એ ફિલસુફનાં ઉપલાં વચનો અમૂલ્ય છે; અને એ થોડા શબ્દોમાં બહુ અર્થનો સમાવેશ

કર્યો છે. શોક અથવા આનંદનો ઊભરો મિત્ર આગળ બહાર કહાડવાથી મન મોકળું થાય છે અને તેમાંથી કચરો નીકળી જવાથી મન સાફ થાય છે. દિલગીરી મનમાં ને મનમાં રૂંધાયાથી નુકસાનકારક થઇ પડે છે. લાટિન ભાષામાં એક કહેવત છે તે આ વાતને આબાદ લાગુ પડે છે "Cor ne edito" તું તારા અંતઃકરણને ખાઇશ નહિ; મતલબ કે વિચારોને મનમાં ગુંગળાવી રાખ્યાથી અંતઃકરણ ખવાઇ જાય છે. મૃત્યુ વખતે મોંડેથી રડવાનો આપણાં બૈરાઓમાં જે ચાલ છે તે એક રીતે ડહાપણ ભરેલો છે, પણ તે હદ કરતાં ઉપરાંત થઇ જવાથી ધિક્કારને યોગ્ય થઇ પડે છે.

બીજો ફાયદો બુદ્ધિને લગતો છે. મિત્ર આગળ પોતાની યોજનાઓ માત્ર કહી બતાવ્યાથી તે ગોઠવાઇને પોતાની મેળે સરખી થઇ રહે છે. એક સાચા અને શાણા મિત્રની સલાહ થકી ઉપજતો લાભ અધિક ગણવો. જેમ બનાતનાં લૂગડાં આખો ઉન્હાળો ફારફેર કર્યા વગર પેટીમાં રાખી મૂકયાં હોય અને પછી શિયાળામાં ઉપયોગમાં લાવતાં ખવાઈ ગયલાં માલૂમ પડે છે. તેમ આપણી યોજનાઓ મિત્ર આગળ કહી બતાવ્યા વગર એકદમ અમલમાં લાવતાં તે ઘણી વખતે છિદ્રવાળી અને અપૂર્ણ માલૂમ પડે છે; લોકો ભલે કહે કે **ધણીને ઢાંકણીમાં સૂઝે તેવું પડોસીને આરસીમાં પણ ન સૂઝે;** પરંતુ તેમ નથી. આપણી કરેલી ગોઠવણો આપણાં વિકારો અને સ્વાર્થરૂપી ભીનાસમાં તરબોળ થયાથી વક્ર ગતિ પામી આપણી નજરે પડે છે, પણ મિત્ર તેને ખરા રૂપમાં જુએ છે. વળી પોતાનું કરેલું સ્તુતિપાત્ર કામ પોતાને મોઢે ઓચરવું અઘટિત ગણાય, પણ તે મિત્રને મોઢે શોભે છે.

મિત્રમેળાપહર્ષ. મિત્ર મિત્રને ભેટે છે ત્યારે કેવો હરખાય છે? મિત્ર અવકાશે વાત વિનોદ કરે છે તે ઘડી કેવો આનંદ વિલાસ ઉત્પન્ન કરે છે? જીવ સજાતીય જીવ સાથે એકમેક થયાથી કેવો તલ્લીન થઈ જાય છે; તે ઘડી અલૌકિક સુખનો અનુભવ કરાવે છે. જીવ જીવની ઉપર આશ્રય માટે અઢેલી પડે છે અને વિશ્રાંતિ ભોગવે છે. દાઢ ગાઢ

ઉપર મિત્ર રહેતો હોય તોપણ સજાતીય જીવ વચ્ચે એવું આકર્ષણ હોય છે કે એક બીજાને ખેંચી લે છે. છોને ધોતેધોત વરસાદ પડે, મિત્ર તેની ક્યાં દરકાર કરે છે? કહ્યું છે:—

આવ હય આદર હય, હય નેનોમે નેહ;
તુલસી વા ઘર જાઇએ, જો પથ્થર બરસત મેહ.

મીરસૂઝ નામનો શાએર દોસ્ત સંબંધી બહુ ઉત્તમ કહી ગયો છે:-

કિયા સૈર સબ હમને ગુલઝારે દુનિયા,
ગુલે દોસ્તીમેં અજબ રંગો બૂ હય.

અર્થ.

અમે તમામ દુનિયારૂપી બાગ ફરી વળ્યા પણ દોસ્તીમાં તો કોઇ વિચિત્ર રંગ અને સુગંધ છે, અર્થાત્ આખી દુનિયારૂપી બાગમાં દોસ્તી જેવું રંગ અને સુગંધવાળું ફુલ એકે નથી.

દોસ્તીથી થતા ગેરફાયદા—જેમ સુપાત્ર મિત્રથી ફાયદા થાય છે તેમજ દેખીતું છે કે કુપાત્ર મિત્ર થકી ગેરફાયદા થાય છે. ઘણા ઘણા સદાચારી માણસો કુસંગીની સાથે મૈત્રી કરવાથી પાયમાલ થઇ જાય છે. ઘણી વખતે એવું બને છે કે આપણા શત્રુઓ બાતમી મેળવવા સારૂ અથવા આપણને કોઈ બૂરા વ્યસનમાં નાંખવા એવા દુષ્ટ કૂતરાઓને આપણી પાછવાડે લગાડી દે છે. માટે એ વાતની બહુ સંભાળ રાખવી જોઇએ. દુશ્મનનો દોસ્ત તે આપણો દોસ્ત થાય નહીં એ નિયમ ઘણે દરજે ખરો છે, પણ તદન ખરો નથી, કેટલાક એવા ભલા અને સ્નેહી સ્વભાવના હોય છે કે તેઓ કોઈની સાથે બિલકુલ વેરજ કરે નહીં. એવા માણસ દુસ્મનના દોસ્ત થઇ શકે છે અને વખતે બેઉ વચ્ચે સલાહ પણ કરાવી દે. એવીજ રીતે જે આપણા દુસ્મનની સાથે હળી મળી ચાલે તે આપણો દુસ્મનજ છે એમ સમજવું નહિ. સદ્ગૃહસ્થનું મુખ્ય લક્ષણ એ છે કે ફરજ પડયા સિવાય વેર તો કોઇની સાથે કરવુંજ નહિ. વળી દુસ્મનની

સાથે એવી રીતની વર્તણુક ન રાખવી કે જેથી તેની સાથે કોઈ વખતે સલાહ કરવાની બારીજ ન રહે.

મિત્રાચારીમાં ભંગ પડવાનાં કારણો. મુખ્ય ચાર કારણો છે, પૈસો, સ્ત્રી, કાચા કાન, અને કડવા સખુનો.

પૈસાથી દોસ્તીમાં કેમ ખલલ પડે છે એ વાત સૌને જાણીતી છે; તેથી દષ્ટાંતોથી સિદ્ધ કરવાની જરૂર નથી, એ ઉજળી પીળી વસ્તુ બાપ દીકરા વચ્ચે, ભાઇઓ વચ્ચે ઝઘડો ઉત્પન્ન કરે છે, ત્યારે બીજાઓની તે શી વાત કરવી ?

સ્ત્રીથી દોસ્તીમાં ખલલ કેમ પડે છે, તેનો એક અછો દાખલો મહાનાટકગુરૂ શેકસપીઅરના "ટૂ જેન્ટલમેન ઑવ વેરોના" નામના નાટકમાંથી મળી આવે છે, તેની ટુંક મતલબ હું નીચે આપું છું:—

વેરોના શહેરમાં વેલેન્ટાઇન અને પ્રોટીઅસ નામના બે મિત્રો હતા. તેઓ એક બીજા ઉપર ઘણો પ્યાર રાખતા હતા. વેલેન્ટાઇનને નવાં નવાં શેહેરો જોવાની ઘણી ખાહેશ હોવાથી તેણે એક દિવસે મિલાન શેહેર તરફ જવાનો ઇરાદો કર્યો. તેણે પ્રોટીએસને સાથે આવવાને વાસ્તે કહ્યું પણ પ્રોટીઅસે ના પાડયાથી તેને એકલો જવાની ફરજ પડી, તેથી તે પોતાના **મિત્ર સાથે ભેટીને** મિલાન તરફ રવાને થયો. આ શેહેર તેને પસંદ પડવાથી તે ત્યાં બાદશાહની નોકરીમાં રહ્યો. બાદશાહ તેની પ્રવીણતા જોઇ દિન પ્રતિદિન તેને વધારે ચાહવા લાગ્યો અને પોતાના એક સલાહકાર તરીકે રાખ્યો; આથી તેને બાદશાહના મેહેલમાં વારેઘડીએ આવજા કરવાની ફરજ પડતી એમ કરતાં બાદશાહની સુંદર દીકરી સિલવિયા સાથે તેનો સ્નેહ બંધાયો અને સિલવિયા પણ તેની સાથે મોહબત રાખવા લાગી. પણ રાજાની મરજી તેને કોઇ બીજા શખ્સ વેરે પરણાવવાની હતી તેથી તેઓ પોતાનો પ્રેમ છુપો રાખતાં. હવે આવું બન્યું કે પ્રોટીઅસને કોઈ કારણસર મિલાન આવવું પડયું,

આથી તેનો મિત્ર વેલનટાઇન બહુ મગ્ન થયો અને રાજા અને તેની દીકરી સાથે તેની ઓળખાણ કરાવી અને તેઓ આગળ પોતાના દોસ્તના ગુણ વિષે બહુ વખાણ કર્યાં. ત્યાર પછી આ બે દોસ્તો એકાંતે જઇ એક બીજાની ખબર પૂછવા લાગ્યા. વેલેનટાઇને પોતાની પ્રેમની કથા મિત્ર આગળ ખોલીને કહી પણ હવે પ્રોટીઅસને વધારે વાર મિત્ર કહેવો ન જોઈએ કારણ કે સિલ્વિયાને જોઈને તેનામાં કામદેવે પ્રવેશ કર્યો હતો. આ **આંધળા દેવે** તેના પોચા મનમાં ઘુસી જઈ મિત્રસ્નેહ અને વિવેકરૂપી ખજાના ઉપર હાથ નાંખીને તે લૂટી લીધો; તેથી વેલેનટાઇને જે વાત કરી તેથી તે બળવા લાગ્યો અને તેનામાં ઈર્ષા ઉત્પન્ન થઇ. પણ બીચારા વેલેન્ટાઇનને એ વિષે ખબર નહોતી. એક દિવસે એવું બન્યું કે વેલેન્ટાઇન અને તેની **પ્રેમદાએ** છુપી મુલાકાતોથી કંટાળી જઈ એવો મનસુબો કર્યો કે તે રાતના ગામ છોડીને બીજે નીકળી જવું. આ ઈરાદાથી તેણે પ્રોટીઅસને વાકેફ કર્યો. પ્રોટીઅસતો એવી તક માટે વાટ જોતો હતો. તેણે તરત બાદશાહને ખબર કરી. બાદશાહ વેલેન્ટાઇન ઉપર ક્રોધે ભરાયો અને તેને દેશનિકાલ કર્યો, પણ પ્રોટીઅસ એટલાથી ધરાયો નહિ. તે એવો તો પ્રેમાંધ બન્યો હતો કે દોસ્તીના સર્વ હક્ક ભૂલી ગયો. પાદશાહ અને સિલવિયાની આગળ પોતાના દોસ્તને વખોડવા લાગ્યો. અવી મતલબથી કે સિલવિયા તેના દોસ્ત વિષે ખરાબ મત બાંધે, અને છેલ્લે સરવાળે જો કે સારી પેઠે જાણતો હતો કે તેનો મિત્ર જીવતો છે તોપણ સિલવિયા આગળ પોતાના મિત્રને મુએલો જાહેર કરવાને તે અચકાયો નહિ.

કાચા કાન—જ્યારે બે જણ વચ્ચે ઘણી દોસ્તી બંધાય છે ત્યારે ઘણું કરીને એવું બને છે કે અદેખા લોકો તે સાંખી શકતા નથી તેથી તેઓ દોસ્તી તોડવા વેનરણ કરે છે. કેટલાક પોતાને તેમાં સ્વાર્થ હોય છે તેથી કરે છે અને કેટલાક સ્વાર્થ વગર કેવળ ઇર્ષાથી તેમ કરે છે, અને બેમાંથી એક કાચા કાનનો હોય છે તો એવા લોક ફાવી જાય છે.

જે માણસને આપણે ઘણા વરસો સુધી અજમાવ્યો હોય તેની વાત એકદમ માનવી તેમાં દોષ ન ગણાય; જો કે તેમાં કાંઇક સંભાળ રાખવાની જરૂર છે. પરંતુ બીજાઓની વાત પૂરતી તપાસ કર્યા વગર ઝટ ખરી માનવી નહિ. એથી બહુ ખરાબી થાય છે. ખુદ ધણી ધણીઆણીના પ્યારમાં ભંગાણ પડે છે ત્યારે દોસ્તો વિષે શું કહેવું? જેઓએ શેકસપીઅરનો ઓથેલો અથવા જેને ગુજરાતીમાં કસરીવજનાં કારસ્તાન કહે છે તે વાંચ્યો હશે તેઓને યાદ હશે કે ઓથેલો **કેશીઆ** ઉપર પહેલાં ચાહ રાખતો હતો પણ જરા કાચા કાનનો હોવાથી કસરીવજનું કહેવું સાચું માની તેને ઠેર કરવાની તજવીજ કીધી અને પોતાની નિર્દોષ સ્ત્રી જેના ઉપર પ્રથમ અતિશય પ્યાર રાખતો તેને ગુંગળાવી મારી નાંખી. માટે દોસ્તોને ઘટે છે કે તેઓએ પોતાના મિત્ર વિષે જે લોકો માઠું બોલે તેઓના કહેવા ઉપર ખાતરી કર્યા વગર વિશ્વાસ મૂકવો નહિ.

***કડવાં સુખનો**—ઘણી વખતે મસ્ખરીમાં અથવા સહેજ કારણ વાસ્તે ક્રોધના આવેશમાં **મિત્રની તરફ કડવાં** વચન બોલાઇ જાય છે તેથી દોસ્તીમાં બગાડ થાય છે. કારણ વેણબાણ સાધારણ તીરો કરતાં જખમ કરવામાં ઓછાં ઉતરતાં નથી.

ઘા મટે તલવારનો, ખંજરનો પણ તેમ;
કદી ન રૂઝે કથનનો જીવ, કપાય જેમ.

માટે દોસ્તોએ પોત પોતામાં મસ્ખરી કરતી વખતે સંભાળ રાખવી જોઇએ. એક મિત્ર જો જરા ગુસ્સામાં આવી ગયો તો બીજાએ તેનો ગુસ્સો વધવા ન દેતાં તેને શાંત પાડવા પ્રયત્ન કરવો જોઇએ.

* સાધારણ રીતે કજીઆનાં ત્રણ કારણ આપવામાં આવે છે:—ઝર, ઝન, ને ઝમીન પણ ઝઝાના આ ઝણઝણાટથી આપણે લોભાઇ જવું ન જોઇએ; કેમકે કાચા કાન અને કડવા સખુનનો એમાં સમાવેશ થતો નથી. વળી જમીનનો ઝરના પેટામાં સમાવેશ થઈ શકે છે તેથી એ વિભાગ નિયમસર ગણાય નહિ.

ઘણા સહવાસથી દોસ્તીમાં ઘટાડો—માણુસ માત્રનો કાયદો છે કે એક ચીજ ગમે એવી ઉમદા હોય પરંતુ દરરોજ લાંબો વખત સુધી વાપર્યાથી તેની ખરેખરી લિઝત અને કીમત આપણુને ઓછી માલૂમ પડતી જાય છે. એવીજ રીતે બે મિત્રો લાંબી મુદત સુધી રાત દિવસ સાથેજ વસ્તા હોય તો તેઓની મિત્રાચારીમાં ઘણું કરી ઘટાડો થયા વગર રહે નહિ. અન્નની બરાબર બૂઝ કયારે માલૂમ પડે છે કે જ્યારે આપણે ઘણા ભૂખ્યા હોઇએ. જેઓએ અપવાસ કર્યા હશે તેઓને બરાબર ખબર હશે કે ભૂખ્યા રહ્યાથી અન્નનો સ્વાદ કેટલો વધે છે. અંગ્રેજીમાં કહેવત છે કે "Hunger is the best sauce" એટલે કે અન્નને સ્વાદિષ્ટ કરવાને સોથી સરસ ઉપાય ભૂખ છે. દોસ્તીની બાબતમાં પણ એજ નિયમ ઘણો ખરો લાગુ પડે છે. એક ફિલસૂફને કોઇએ પૂછ્યું કે સૂરજ આટલો તેજસ્વી અને ઉપયોગી છતાં તે આપણુને પ્યારો કેમ લાગતો નથી? તેણે જવાબ દીધો કે એનું કારણ એટલુંજ કે આપણુને તે રોજ દેખાવ આપે છે. પણ વર્ષાઋતુમાં જ્યારે તે છુપો થઈ જાય છે અને ઘણે દિવસે દર્શન દે છે ત્યારે લોકો જોઇને કેવા રાજી થાય છે! ચીનમાં શેંગાઈ શેહેરમાં જવલેજ સૂર્ય દેખાય છે જ્યારે દેખાય છે ત્યારે ત્યાંના રેહેવાશીઓ તેને આનંદનો તેહેવાર સમજે છે.

હવે એ ઉપરથી આ દુનિયાનું સુખ કેવું નાપાયાદાર છે તે આપણુને સ્પષ્ટ માલૂમ પડે છે. જ્યારે એક તરફથી આપણે તેને પૂર્ણ કરવાને યત્ન કરીએ છીએ ત્યારે બીજી તરફથી તે ઉલટું અપૂર્ણ થતું જાય છે. તોપણ આ દુનિયામાં બીજાં સુખો સાથે સરખાવતાં મિત્રાચારીથી જે સુખ પ્રાપ્ત થાય છે તે કેટલેક દરજે સ્વર્ગના સુખની બરોબરી કરે છે.

માટે ભાઇઓ! જેને આવું ઉત્તમ પ્રકારનું સુખ ભોગવવું હોય તેણે વધારે નહિ તો એક લાયક મિત્ર ખોળી કાઢવો. એક ફારસી કવિ કહે છે કેઃ—

યારી બદસ્ત આર કે બસ બીકસ અસ્ત,
હર કે મર ઉરા બજહાં યાર નીસ્ત;
ઝીન હમે નઅમત કે દરીન આલમ અસ્ત,
હીચ બેહ અઝ યાને વફાદાર નીસ્ત.

અર્થ:—એક દોસ્તને હાથ કરી લે, કારણ કે આ જગતમાં જે શખ્સનો કોઇ મિત્ર નથી તે ઘણોજ નિરાશ્રિત રહે છે. આ દુનિયામાં જે સઘળી **નેઆમતો** છે તે સર્વ કરતાં વફાદાર દોસ્ત વધારે છે.

આ નિબંધ સજ્જનો વચ્ચેની મિત્રાચારી વિષે છે. પણ જેમ સજ્જનો વચ્ચે દોસ્તી થઈ શકે છે તેમ ચોર લૂટારા વગેરે લોકોમાં પણ દોસ્તી થઈ શકે છે. પરંતુ એવા લોકોની દોસ્તી કેવી રીતની હોય છે અને તે કેમ તૂટે છે એ વગેરે વિષયનો નિબંધ લખવાની તસ્દી એજ વર્ગના લોકોએ હું ધારૂં છું કે લેવી જોઇએ; તથાપિ એક સવાલ રહી જાય છે. **દુર્જનલોકો** સજ્જનોની સોબતથી સુધરી શકે કે નહિ? એવા લોકો જો સાધારણ બુદ્ધિના સજ્જન સાથે દોસ્તી કરે તો તે તેઓ સુધારવાને બદલે સામા ધણીને બગાડે તેનો ભય વધારે રહે છે. પરંતુ હું ધારૂં છું કે એવા લોકો કોઈ મહાબુદ્ધિવાન્ પુરુષોની સંગત કરે અને તે શુભેચ્છુ થઇ સુધારવા પ્રયત્ન કરે તો કદાચ પાર પણ પાડે. તેમ પોતાને પણ એવા લોકનો પાસ લાગવાની બીક રહેતી નથી. યંત્રશાસ્ત્રનો નિયમ છે કે બે પદાર્થોની ખેંચાખેંચમાં બળવત્તર પોતાની તરફ ખેંચવામાં ફાવે, અને જો તેનું બળ બીજાના કરતાં બહુ વધારે હોય તો તેમ કરતાં પોતે જરા પણ ખસતો નથી.

નવીસવી થએલી મિત્રાચારીની ગાંઠ ઉપકાર વડે મજબૂત થાય છે. ઉપકારમાં ગુંદરનો ગુણ રહેલો છે. તે બે જણને એકમેક કરી ખૂબ ચોંટાડી મૂકે છે. એ સાધારણ નિયમ છે. કૃતઘ્ની લોકોની જરાએ જગતમાં અછત નથી; એટલુંજ નહિ પણ ઉપકારને બદલે

અપકાર કરે એવા પણ પડયા છે. મૈત્રી મજબુત બંધાયા પછી મિત્રનું ભલું કરવું એ આપણી ફરજ થઈ પડે છે અને તેમ કરવામાં આપણે ઉપકાર કરીએ છીએ એમ ન સમજવું.

મિત્રની ફરજો તથા સામાન્ય વિચાર. કોઈ વિદ્વાન્ પાસેથી તેના એક મિત્રે મદદ માગી તેણે ઉત્તર આપ્યો. I am your friend as far as the altar" એટલે કે નીતિના નિયમોને બાધ ન આવે ત્યાંસુધી હું સહાયતા આપવાને તૈયાર છું; મતલબ કે મિત્રને મદદ કરવામાં નીતિનો ભંગ થવો ન જોઇએ; મિત્રને સહાય થવામાં જીવનો ભોગ આપવો પણ એ પવિત્ર વસ્તુનો ભોગ ન આપવો. પણ અફસોસ આવા મિત્રો છે કયાં? પોતાના જીવનો ભોગ મિત્રના જીવ બદલ આપે એવા દોસ્તો કયાં છે? શું એવા દોસ્તો હાલના જમાનામાં છેજ નહિ? નહિ, નહિ, એમ તો નહિ હોય. શું પાંચ કરોડ ચોરસ માઇલમાં પાંચ જણ એવા નહિ હશે? પ્રાચીન કાળમાં એવા દાખલા મળી આવે છે ત્યારે અર્વાચીન કાળમાં શું કામ ન હોય? શું આ કળિયુગ કહેવાય છે તેથી એવા મિત્રો અવતરતાજ નથી? **એતો મનની ઠગાઇ છે.** ગત અવસરને વખાણવો એ માનવી જાતમાં એક પ્રેરણાબુદ્ધિ જેવું વલણ દેખાય છે. માણસ સાધારણ રીતે ખેદ કરે છે "ભલે ભલે તો મરગયે રે ગયે મખી ચૂસ." "Those good old days are gone." વળી આપણે ઘણા જણને મોઢે સાંભળીએ છીએ કે આજ તો ગજબ ગરમી છે; આવી ગરમી તો કોઇ વખતે પડી નથી. એવી ગરમી જો કે ઘણું કરી દર વરસે પડતી હોય તેવું છતાં લોકો એવી રીતની ફરિયાદ કરે છે. કોઇ પૂછશે કે લોકો એવી જૂઠી બૂમ શું કરવા મારે? એનું કારણ એમ આપી શકાય છે કે આગલા વરસોમાં થઈ ગયેલી ગરમીની અસર કાળાંતરે વીસરી જવાયછે અને તેજ વરસમાં પડતી ગરમીની અસર તાજી હોય છે તેથી તે વધારે જણાય છે. એ **મનની ઠગાઇનો** બીજો પણ દાખલો આપું છું. કોઈ વખતે જોઇતી

ચીજ આપણે શોધી શોધી થાકીએ તો પણ ન જડે ત્યારે આપણે કહીએ "શું છે કે જોઇતી ચીજ તો જડેજ નહિ. રોજ હાથમાં આવે અને આજે જ્યારે એની જરૂર છે ત્યારે જડતીજ નથી." હવે વસ્તુમાં એવો કોઈ હઠનો સ્વભાવ નથી કે આપણને રંજાડવા માટે આપણાથી સંતાઈ જાય. જરા આપણે વિચાર કરીશું તો માલૂમ પડશે કે હજારો વખતે જે ચીજ આપણને જોઇતી હોય તે મળી આવે છે, પણ તે વિષે આપણે કાંઈ ટીકા કરતા નથી અને તેની અસર મગજ ઉપર રહેતી નથી. પણ એકાદ વાર જો એથી ઉલટું બને તો તેની અસર મન ઉપર ચોંટી રહે છે.

સજ્જનો ! વફાદાર દોસ્ત એક અમૂલ્ય રત્ન છે અને મારી એજ ભલામણ છે કે તે સર્વ કોઈએ હાથ કરી લેવો. છેલ્લે એ અર્થ સહિત ફારસી કવિતા લખી આ નિબંધ સમાપ્ત કરૂં છું.

*કિનુન અય બિરાદર ચે ગૂયમ બમીન,
રફીકે વફાદારરા બર ગુઝીન;
મકુન દોસ્તી બા બદાનો ખિસાન,
અઝીઝા ગુરી ઝન્દે બાશ અઝ ચુનાન.
લવાયે ખુસુમત બયફ્રકન ઝે દસ્ત,
યકી ખસ્મ બસ બુદ બરાહત શિકસ્ત;
રહાકુન રફીદે મુસીબત ઝદે,
હુબાબા હવાલે બ મેહન્તશ મદે.
યકી પંદ ગુયમ્ત યારે તુરા
મરંજાન દર બઝલે ચુનો ચરા;

અર્થ:—ભાઇઓ ! હવે જે કહું છું તે પર ધ્યાન આપો. વફાદાર મિત્રને ચુંટી લ્યો. દુષ્ટ અને નીચ માણસોની સાથે મૈત્રી

---

* ફારસીમાં એ કવિતાની દરેક લીટીનો પહેલો અક્ષર કાફ, રે, મીમ, અલિફ, ઇત્યાદિ અનુક્રમે મૂકયાથી રચનારનું નામ નિકળે છે.

કરવી નહિ. દોસ્તો! એવાઓથી નાસતા રહેવું. દુશ્મનીનો વાવટો હાથમાંથી ફેંકી દો. શાંતિમાં ખલલ કરવા એકજ વેરી બસ છે. સંકટમાં પડેલા મિત્રને તેમાં પડતો મૂકી ન દેતાં તેને મુકત કર. એક બીજી નસીહત કહું છું; તારા મિત્રને ખાજવવા 'એમ કેમ કીધું?' 'શા માટે?'–ઇત્યાદિ મશ્કરીમાં પ્રશ્નો પૂછી તેનું દિલ ના દુખવ.

સમાપ્ત.

સ્વાર્થ.

અર્થ. સ્વ એટલે પોતાનું અને અર્થ હિત અથવા ફાયદો. સ્વાર્થ એટલે પોતાનું હિત, જેમાં પોતાના લાભની વાત સમાયલી હોય તે.

બે ચાર યુવાન ભણેલા પુરુષો જ્યારે ફુરસદે ફરવા નીકળે છે ત્યારે મત કે બોધ માટે એકાદ વિષય લઇ વિવેચન કરે એમ સાધારણ રીતે બને છે; અને કોઈ વાર સ્વાર્થ પણ તેમના વાદનો વિષય થઈ પડે છે. એક જણ કહેશે કે "જગત્‌માં જે કાંઇ માણસ કામ કરે છે તેમાં સ્વાર્થ તો ભેળાયલોજ રહે છે." બીજો કહેશે "ના ના, છેક એમ તો નથી, ઘણાં ખરાં કાર્યમાં સ્વાર્થ સમાયલો હોય છે, પરંતુ દરેક કાર્યમાં સ્વાર્થ હોવોજ જોઇએ એમ નહિ કહેવાય." એટલે પછી તકરાર ચાલે છે અને તેઓ દૃષ્ટાંત ઉપર આવી જાય છે. બીજો કહેશે કે "માણસ કોઇ વખતે સારી રીતે સમજે કે આ ફલાણું કામ મને હાનિકારક છે તેમ છતાં તે કામ કર્યો જાય છે. જેમકે કેટલાક વ્યસનથી ખરાબી થશે એમ સારી પેઠે સમજે છે તોપણ તેઓ વ્યસન મૂકતા નથી." પહેલો કહેશે કે એનું કારણ દેખીતુંજ છે. એમાં વ્યસનીને વ્યસનમાં જે મઝા પડે છે તે એમાંથી થતી ખરાબી કરતાં વિશેષ છે, અથવા બીજા બોલોમાં બોલીએ તો એમાંથી નીપજતો સુખરૂપ ભાગ દુઃખરૂપ ભાગ કરતાં અધિક છે અર્થાત્ એકંદર તેને

લાભ છે એમ સમજીનેજ તે વ્યસન મૂકતો નથી. તેના વિચારમાં ભૂલ હોય એ નોખી બાબત છે. પરંતુ એના વિચાર પ્રમાણે એ બાબતમાં એનો સ્વાર્થ રહેલો છે એ ખુલ્લું છે. બીજો કહેશે ઠીક ત્યારે હું એક વધારે દૃષ્ટાંત કહું:—લોકો દાન કરે છે તેમાં શું તેઓ પોતાનો સ્વાર્થ સમજે છે?

પહેલો શખ્સ જવાબ આપે છે કે દાન ત્રણ પ્રકારની લાગણી-થી કરવામાં આવે છે, કેટલાક માત્ર કીર્તિ માટેજ દાન કરે છે. એમાં દેખીતો સ્વાર્થ છે. કેટલાક સ્વર્ગ મેળવવા તેમ કરે છે તો તે દાન પણ સ્વાર્થ રહિત નથી. થોડા, બહુજ થોડા, ખરી દયાની લાગણીથી નિરાશ્રિત લોકોને દાન આપે છે. એ છેલ્લા પ્રકારમાં કદાચ તમને એમ લાગશે કે સ્વાર્થનો અંશ નથી પણ તે હું તમને બતાવી આપું. માણસને દયાની લાગણી થઈ આવે અને તે તૃપ્ત કરવાનાં સાધન હોવા છતાં તેનો ઉપયોગ ન કરે તો તેની પોતાની લાગણી કચવાય છે અને તેમાંથી બેચેની ઉપજે થાય છે વળી તેનું અંતઃકરણ તેને ડંખે છે. એ બેચેની તેમજ ડંખવેદના ન થાય માટે તે ઉપર કહ્યું તે પ્રમાણે દાન કરે છે. અર્થાત્ એ કૃત્ય પણ પોતા-નાજ સુખ અર્થે છે, મેં કહ્યું તેમાં કાંઈ તમને અસત્ય લાગતું હોય તો કહો.

બીજા શખ્સને એ વાત ધ્યાનમાં ઉતરતી નથી. એના મનને ખાત્રી થતી નથી. પરંતુ તે કોઈ પ્રત્યુત્તર આપી શકતો નથી.

એ બેમાંથી કોનું કહેવું ખરૂં છે તે વિષે તપાસ કરવા વાંચ-નારને જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. માટે એ બાબતની તપાસ વાંચનારને શામેલ રાખી ચલાવીએ.

બીજો શખ્સ પહેલા શખ્સનું બોલવું બધું કબૂલ રાખે છે તેવું છતાં તેઓના મત મળતા નથી તેનું કારણ શું?

સહજ વિચાર કરતાં જણાશે કે તેઓની સમજણમાં કાંઈક ફેર છે. ફેર એ છે કે પ્રથમ પાયોજ ખોટો છે. સ્વાર્થ જે તકરારનું

મંડાણુ છે, તેનો અર્થ બેઉ જણુ જુદો જુદો સમજે છે. તેઓ વચ્ચે મતભેદ નથી પણુ માત્ર સમજવામાં અર્થભિન્નતા છે. જે અર્થમાં પહેલો શખ્સ **સ્વાર્થ** વાપરે છે તેથી જુદાજ અર્થમાં બીજો શખ્સ તેજ શબ્દ વાપરે છે.

બહુવાર એવો દેખાવ જોવામાં આવે છે કે તકરાર કરનાર જોશમાં આવી વાદ ચલાવતાં રાતોપીળો થઇ જાયછે અને એક બીજા પ્રત્યે કઠોર વચન વાપરે છે. પરંતુ જો તકરારનું મૂળ તપાશીએ તો કોઇ અમુક સંજ્ઞાના અર્થમાંજ ભિન્નતા માલૂમ પડી આવે છે. ઉપર દર્શાવેલો વાદ પણુ એજ પ્રકારનો છે. આવી રીતનો ઝઘડો એક બીજા પ્રત્યે નહિ પણુ પડછાયા જોડે ચાલે છે એમ કહીએ તો ચાલે.

એવી રીતનો મિથ્યા વાદ અટકાવવાનો સેહેલો ઇલાજ એ છે કે જે વિષય ઉપર વાદ ચલાવવો હોય તે માંહેલી મુખ્ય સંજ્ઞાઓની વ્યાખ્યા નક્કી કરવી અને તે કેડે વાદ ચલાવવો. આથી કરીને વખત તેમજ મગજશક્તિનો ખોટો ઉપયોગ થતો અટકે છે.

હવે આપણે આપણા ચાલુ વિષય ઉપર આવીએ. પહેલા શખ્સના બોલવા ઉપરથી સાફ જણાય છે કે સ્વાર્થને તે એવા બોહોળા અર્થમાં વાપરે છે કે તેમાં ખુશી, સંતોષ, ક્ષણુભંગુર ચેન ઇત્યાદિ લાગણીનો સમાસ થઈ જાય છે. એ અર્થ પ્રમાણે તો કોઇ સદ્‌ગુણી નોકર જીવની દરકાર ન કરતાં પોતાના સ્વામીની, સ્વચ્છ મન રાખી એટલે બદલાની ઉમેદ રાખ્યાવિના, શ્રેષ્ટ સેવા બજાવે તો તે પણુ સ્વાર્થથીજ તેમ વર્તે છે એમ કહેવાય. સ્વાર્થનો એ કેવો ખોટો અર્થ ગણાય!!! જો એ અર્થ અંગીકાર કરીએ તો પરમાર્થ એવું કાંઇ દુનિયામાં છેજ નહિ. બધા માણુસો પોતાની મતલબ જુએ છે. આ ઉપરથી વાંચનારની તરત ખાતરી થશે કે સાધારણુ રીતે સ્વાર્થ જે અર્થમાં વપરાય છે તે અર્થ એ ન હોય અને એ અર્થ વાસ્તવિક નથી. એ બોહોળો અર્થ ટુંકા વિચારમાંથી જન્મેલો જણાય છે. ઘણાં કાર્યોમાં સ્વાર્થનો અંશ જોવામાં આવેલો તે ઉપરથી એ અર્થ ઉપજાવનારના મનની

વૃત્તિ સામાન્ય નિયમ ખોળી કાઢવાની થયલી હોવી જોઇએ. અપૂર્ણ અવલોકનનું એ પરિણામ છે. તેમાં પણ વળી સ્વાર્થની વ્યાખ્યા પ્રથમથી નિર્માણ નહિ કરેલી પણ પાછળથી પોતાનો સિદ્ધાંત ખરો પડવાની ઇચ્છાથી સ્વાર્થને તાણીતોશી એ અર્થ આપવામાં આવ્યો હોય એમ વાસ્તવિકપણે અનુમાન થાય છે.

અમે અમારા તરફથી નીચે પ્રમાણે સ્વાર્થનો અર્થ સૂચવીએ છીએ.

કાર્ય કરનાર જ્યારે પૈસો અથવા કીર્તિ વધારવાના મૂળ હેતુથી કંઈ કાર્ય કરે પછી તેમાં બીજા કોઇનું ભલું થઈ જતું હોય પણ તે કાર્ય સ્વાર્થમાંથી નીપજેલું ગણાય. કાર્ય કરવામાં પૈસો કે કીર્તિ સંપાદિત કરવાનો મૂળ હેતુ તે સ્વાર્થ.

કોઇ કાર્ય કરવામાં બીજાને સુખ પહોંચાડવાનો મૂળ હેતુ તે પરમાર્થ.

પરમાર્થ શબ્દનો સાધારણ બોલીમાં એ અર્થ થાય છે. એનો મૂળ અર્થ બીજો છે. નર્મકોશમાં તે આ પ્રમાણે લખ્યો છે.—"સહુથી ઉંચો ને સરસ એવો જનનો જે ઉદ્દેશ તે; મોક્ષપ્રાપ્તિનું સાધન." પરમ શબ્દનો અર્થ 'સર્વથી શ્રેષ્ઠ' થાય છે, માટે કોશમાં લખેલો એ અર્થ ખરો છે. બીજાનું ભલું કરવું એ મોક્ષપ્રાપ્તિના સાધનોમાંનું એક સાધન છે. તે પરથી પરમાર્થનો બીજો અર્થ પરોપકાર થાય છે. નર્મકોશમાં એ બીજો અર્થ આ પ્રમાણે જણાવ્યો છે—"લોકનું હિત કરવું તે; પરોપકાર બુદ્ધિ કર્મ; ધર્મ; પુણ્ય; (સ્વાર્થથી ઉલટું)—એ બીજા અર્થમાં લોક પરમાર્થ શબ્દ વિશેષ વાપરે છે." આ ઉપરથી પ્રશ્ન ઉઠે કે આ બીજા અર્થમાં પરમાર્થ કરવાના કયા કયા રસ્તા છે. એના ઉત્તરના બે ભાગ થઇ શકે:—

૧ એક અથવા થોડાં અમુક માણસો દુઃખમાંથી છૂટી સુખી થાય. ૨ ઘણા અથવા હરકોઈ આદમી સુખી થાય તેવાં કામ પરમાર્થના પેટામાં આવે. પહેલા ભાગના આ બન્ને પ્રકારના પરોપકાર આપણા દેશમાં સ્પષ્ટ સમજાયલા છે અને પુષ્કળ માણસો—સ્ત્રી અને પુરુષ—તન, મન અને ધનથી તે કરે છે. આમાંના બીજા ભાગના

વળી બે પ્રકાર છે, અને તેમાંનો એક આ દેશના લોક સારી પેઠે સમજે છે, પરંતુ રાજકીય તથા બીજાં કારણોને લીધે બીજા પ્રકાર વિષે લોકને પૂરતું જ્ઞાન નથી અથવા બહુજ થોડું છે એમ કહીએ તો ચાલે અને તે થોડું પણ હાલ થોડાં વરસથી થવા લાગ્યું છે.

બહુ જનને સુખ થાય એવા બે પ્રકારના ઉપકાર છે. તેમાંના એકના પેટામાં તરસ્યા લોકને પીવા પાણી મળે માટે કૂવા ખોદાવવા, વાવ અને તળાવ બંધાવવાં, ભૂખ્યાને ખાવાનું મળે માટે સદાવ્રત સ્થાપવાં, લોકને નહાવા ધોવાને હરકત ન પડે માટે નદીકાંઠે આરા (ઓવારા) બંધાવવા, મુસાફરોને ઉતરવાને ધર્મશાખા કરાવવી પોત પોતાના—પંથનાં દેવાલય; મસજિદ, અગીઆરી આદિક ચણાવવાં વગેરે અનેક રીતે ખેરાત કે દાન કર્મ કરવામાં પરોપકાર બુદ્ધિનાં કૃત્યો આ દેશમાં પુષ્કળ જોવામાં આવે છે. પરમાર્થી લોકો માણસના સુખને સારૂ વિસામા બંધાવે છે, પરબો મંડાવે છે એટલુંજ નહિ પણ પશુ પક્ષીના સુખને માટે પાંજરાપોળ અને પરબડીઓ કરાવે છે તથા બીજાં કાર્યો કરે છે. ધર્માદા દવાખાનાં પણ આના પેટામાં સમાય તથાપિ તેઓ ખરા પરોપકારનાં કામ છે એ હજી થોડાનાજ સમજ્યામાં આવ્યું છે. આ નવો પરમાર્થ પ્રથમ અંગ્રેજ સરકાર તરફથી દાખલ થયો માટે એને સરકારી કામ ઘણાં માણસો સમજે છે, ને પુણ્યાર્થ એ ખાતે ધન ખરચતા નથી. આ પ્રકારનાં તમામ કૃત્યો કરવામાં વિવેકની ઘણી જરૂર છે. અને એ બાબતપર માર્ગદર્શક પુખ્ત વિચારવાળા ગ્રંથો હોય તો દેશને ઘણા લાભ થાય. નિશાળોને પણ સુધારાના કામમાં ઘણાખરા લોકો ગણે છે અને એમાં પણ પુણ્ય છે એ સમજવું તેમને જરા મુશ્કિલ જણાય છે.

આખા દેશનું કલ્યાણ થાય કે આખી કોમની આબાદી અને સુખ વધે એવાં પરોપકારનાં બીજાં અગત્યનાં કામો છે, તે વિષે લોકમાં ને વિશેષ કરી ગામડામાં ઘણું ઓછું જ્ઞાન છે. વિદ્યાની વૃદ્ધિને અર્થે સભાઓ, પુસ્તકશાળાઓ, અને કોલેજો સ્થાપવી કે

સ્થાપવામાં મદદ કરવી, સારા ગ્રંથોની વૃદ્ધિ કરવામાં સહાય કરવી, મ્યુનિસિપાલ અને રાજ કાજમાં સુધારાને અર્થે મહેનત કરવી તથા ધન ખરચવું. દેશમાં વેપાર રોજગાર વધે, ખેતી સુધરે, અને આખા દેશની ઉન્નતિ થાય એવા ઉપાય શોધવા અને તન, મન, અને ધનથી તેઓને કામે લગાડવા એ પરમાર્થનાં મોટા કામો છે. પરંતુ તે ઉપર હજી આ દેશના ઘણા ખરા લોકનું લક્ષ ગયું નથી અને એ બાબતો તેઓના ધ્યાનમાં ઊતરી નથી. આપણો આખો દેશ લઇએ તો પરમાર્થે સ્વદેશીઓ લાખો રૂપીઆ ખરચે છે, પણ તેમાંથી ભાગ્યે સેંકડે બે ત્રણ રૂપીઆ આ બાબતોમાં વાવરે છે. દક્ષિણ અને ગુજરાતમાં જ્યાં જોઇએ ત્યાં આ શોકજનક બિના જોવામાં આવે છે. દેશમાં વિદ્યાની વૃદ્ધિ થાય, અને પ્રજાને રાજકીય અધિકારો મળે ને રાજ્ય તરફથી થતી પીડા ઓછી થાય એ ખાતે નાણાં ખરચવાં એમાં લોક પુણ્ય માનતા નથી. આ લખનારના જાણવામાં એક દાખલો હાલ બનેલો છે. એક હિંદુ ગૃહસ્થની પાસે લાખો રૂપીઆ છે ને તેને દીકરો નથી તેથી તેણે પોતાના વસિયતનામામાં ઠરાવ કર્યો છે કે જો એને મરતાં સુધી દીકરો ન થાય તો એની દોલતમાંથી એક ગંજાવર રકમ, લાખથી વધારે અમુક દેવસ્થાનમાં આપવી. જો આ લખેશરીના મનમાં એમ હોત કે કોલેજ સ્થાપવામાં મોટું પુણ્ય છે, તો અમદાવાદની કોલેજને આબાદ થવાની અડચણ રહેત નહિ અને તેની કમીટીને ભીખ માગવી પડત નહિ જે ઉદાહરણમાં લાખે લેખું હોય તેવાં થોડાં હોય એમાં નવાઈ નથી પણ હજારો રૂપીઆ જૂના પ્રકારના સાર્વજનિક કામમાં ખરચાય છે તથાપિ પુસ્તકઉત્તેજન ખાતે, કન્યાશાળા ખાતે, રાજકીય સભાઓ ખાતે, પુસ્તક શાળાઓ ખાતે, સ્વાર્થ વિના હુન્નર ઉત્તેજન ખાતે વગેરે દેશોન્નતિના મહાન્ પરમાર્થમાં તેમાંથી કાંઈ મળતું નથી, કારણ કે એ પુણ્યનાં કામ છે એવું લોકો હજી માનતા નથી. પૂણા-સાર્વજનિક સભાને અને મુંબઈની પ્રેસિડેન્સી એસોશીએશનને તથા

ટેલીગ્રાફ યુનિયનને નાણાની તંગી છે. તો સુરતની પ્રજાહિતવર્ધક અને અમદાવાદની અમદાવાદ સભા નિર્ધન હોય તેમાં નવાઈ શાની? વધારે અફસોસની વાત એ છે કે ઘણા કેળવાયલા માણસો પણ એને આશ્રય આપતા નથી. શેહેરોમાં અને ગામોમાં કન્યાશાળા તથા પુસ્તકશાળા થોડી છે અને જે છે તેમાંથી કોઇકજ સારી હાલતમાં છે. હજારો ગામડામાં એકે નથી. છોકરાની નિશાળો પણ જોઇએ તેટલી નથી અને તેઓને ઉત્તેજનની ગરજ છે. પરંતુ લોક હજી આને પુણ્યના માર્ગ ગણતા નથી તેથી એણીમેર ધન વહેતું નથી, ટીપે ટીપે અને વખતે શરમા શરમી, સિફારસથી, ખુશામદ અર્થે કે કોઇ જાતના સ્વાર્થેજ આપે છે,

પરમાર્થ જો માત્ર ધનાઢ્ય માણસોથી થઈ શકતો હોત તો પરમેશ્વર પક્ષપાતી કહેવાત. દેશમાં ધનવાન્ માણસો થોડા હોય છે. લોકનો મોટો જથો ગરીબ કે મધ્યમ સ્થિતિમાં (એટલે બહુ પૈસો ખરચી ન શકે એવો) હોય છે. જગત્‌ના રચના ઇશ્વરે એવી કરી છે કે આ માણસો પણ થોડા પૈસાથી અને તન મેહેનતથી તથા મન મેહનતથી પરોપકાર કરી શકે. વળી કેટલાંક કામ એવાં છે કે તેમાં નાણાં ખરચવાની જરૂર નથી, પણ કાંઇક વખત તેમાં રોકવો પડે છે તથા તન મેહેનત કરવી પડે છે. મ્યુનિસિપાલીટીનું કામ સારૂં ચાલવાથી જો મંદવાડ અને મોત ઓછાં થાય તો તે કામ ધર્મનું નથી એમ કેમ કહેવાય? મ્યુનિસિપાલીટીને મદદ કરવામાં પૈસાનો ખપ નથી; ચુંટણી થાય તે સમે ખરા લોક હિતપર નજર રાખે એવા પ્રમાણિક ને ખબરદાર પુરુષોને માટે મત (વોટ) આપવા જવું અને લાગ વગ અને લાલચોની શેહેમાં ન પડતાં નાલાયક માણસને દૂર રાખવાનો પોતે પ્રયત્ન કરવો એમાં નાણાં ખરચવાં પડતાં નથી. વળી એ ખાતાને બીજી રીતે પણ જાત મેહેનતથી મદદ આપી શકાય. દેશોપકારી સભાઓમાં શામિલ થવામાં જુજ ખરચ છે, અને તેઓને મદદ આપવાને બીજા ગૃહસ્થોને સમજાવવામાં તન અને મનની મેહેનતનો

માત્ર ખપ છે, નિશાળોની દેખરેખ રાખવાને કમિટિઓ ઠરાવેલી હોય છે, તેઓને પણ માત્ર તન અને મનની મેહેનત છે. પરમાર્થનાં ઘણાં કામોપર બહુ પૈસા ખર્ચવાની જેમનામાં શક્તિ નથી તેઓ અનેક રીતે પોતાના તનથી અને મનથી શ્રમ લેઇ આશ્રય આપી શકે. વાસ્તવિક પરોપકાર સમજવાની શકિત અને પરોપકાર કરવા તરફ મનનું વલણ જેમનામાં હોય તેઓને માટે થોડે પૈસે કે વગર પૈસે પરમાર્થ કરવાના રસ્તા પુષ્કળ છે, અને એવા માણસો દેશમાં વધશે ત્યારે દેશની ચઢતી થશે અને લોક વધારે સુખી થશે.

પરાર્થ અને પરમાર્થ વચ્ચે ફેર જાણવાયોગ્ય છે. પરાર્થ એટલે પારકાનું ભલું કરવું તે. બીજાનું કંઇ પણ કામ કરી આપ્યું તે ગમે તેવું નજીવું હોય તોપણ પરાર્થ કહેવાય. પણ તે પરમાર્થ કહેવાય નહિ. જ્યારે તે કામ બહુ યશસ્વી હોય અથવા તેમાંથી ઘણાં જણનું કલ્યાણ થતું હોય ત્યારેજ પરમાર્થ કહેવાય, પરંતુ ઘણા લોકો પરાર્થને ઠેકાણે પરમાર્થ વાપરે છે. જેનામાં પરમાર્થ કરવાની શક્તિ છે છતાં તે ન કરે તો તેનો મનખો એળે ગયો સમજવો. બીજાના સુખ માંટે તદ્દન બેપરવાઈ થઈ પોતાનુંજ સુખ જોવું એ મનુષ્યાવતાર નહિ પણ કીચડના કીડાનો અવતાર સમજવો.

એકલપેટાપણું—જેનામાં એ વૃત્તિ હોય છે તે બહુ ધિક્કાર પામે છે. પોતાનું પેટ અચ્છી રીતે કેમ ભરવું અથવા બહુ તો પોતાના કુટુંબનું પેટ કેમ ભરવું તેજ તે સમજે છે. બીજાના ભલાને માટે તે બિલકુલ દરકાર રાખતો નથી અને તેથી સ્વાભાવિક રીતે બીજાઓ તેને ચાહતા નથી. સંકટ સમયે કોઈ તેનો મદદગાર થતો નથી. એકલપેટાપણામાં નીચપણું પોતાની મેળે જોડાઈ જાય છે. પોતાને કદાપિ એક રૂપિયા જેટલો ફાયદો હોય અને બીજાઓનું હજાર રૂપિયાનું નુકસાન થતું હોય તોપણ તેવા કામમાં તે પાછી પાની કરતો નથી. સ્વાર્થ તો મનુષ્યને અંગે ચોંટેલોજ છે પણ જ્યારે તે હદથી બાહર જાય છે અને અંધ થઇ બીજાના

કલ્યાણ તરફ જોતોજ નથી ત્યારેજ તે તિરસ્કારને પાત્ર થાય છે. અહીં તહીંથી અને ફાવે તેમ તાણીતોશી પૈસો એકઠો કરવો એ મનુષ્યાવતારનું સાર્થક ન કહેવાય, જેઓ પોતાનું પેટ ભરવું તે સિવાય બીજું કશું સમજતા નથી તેમને પશુ સમાન ગણવા. જ્યારે નાણું નાણું અને બીજું સૌ મિથ્યા એજ ઝંખના હૃદયમાં જાગી ગઈ ત્યારે એમજ સમજવું કે સૌ ઉચ્ચ લાગણીઓ ત્યાંથી વિદાય થવાની. અલબત બીજી તરફ એમ પણ ન થવું જોઇએ કે ભિક્ષુકો આવી લાડુ, પૂરી જમી જાય અને ઘરનાં છોકરાં ઘંટી ચાટે.

અપની પહોંચ બિચાર કર, જબ તક કીજે દોડ;
ઇતિના પાઉં ફેલાઇએ, જિતની લંબી સોડ.

સ્વાર્થના ઉપાસકો જેમ જેમ મોટે દરજ્જે ચઢે તેમ તેમ અને તેટલે દરજ્જે જનમંડળને હાનિ છે. શહેનશાઓ, બાદશાહો તથા જેમને સ્વાધીન કંઇ પણ રાજ્યાધિકાર હોય તેમણે અમલદારની નીમણુંક સમયે આ બાબત બહુ સાવચેતી રાખવી જોઇએ. કેમકે આવી વૃત્તિના માણસનું મન રૂશવત તરફ ઝટ લપસી જાય એવો બહુ ભય રહે છે. અધમ સ્વાર્થવૃત્તિ તથા લાંચિયાપણું એ બે વચ્ચે બહુ ઝીણો પડદો રહેલો છે. એ બે દુર્ગુણ એકમેક થઈ જવાનો સંભવ દેખીતો છે. જેને હાથ હજારો અરજદારનું કલ્યાણ રહેલું, તે જો આવી ખસલતનો હોય તો તે કેવો પીડાકારક નીવડી શકે, એ વિચારવું સહેલ છે.

પણ નવાઈ જેવું એ છે કે એવા લોકો બહુધા નીચ ખુશામદના હુનરમાં પંકાયેલા હોય છે તેથી પોતાના સ્વામીને ખુશખુશ રાખી શકે છે; તેને માત્ર ધોળી બાજુજ દેખાડે છે અને કાળી બાજુ નજરે ન પડે તે માટે બનતી તદબીરો રચે છે. જો સમજાવવાની કળા ઠીક હોય, એક વાર વિશ્વાસ બંધાઇ ગયો હોય અને આસપાસના નબળા હોય અથવા તેવાજ ભ્રષ્ટ હોય તો તેઓ લાંબા વખત સુધી ફાવી જાય છે. પણ છેલ્લે સરવાળે જ્યારે અન્યાય

અધમતાને પહોંચે છે ત્યારે ન્યાયદેવી તેમને ગળચીમાંથી પકડીને જાહોજલાલીના શિખર ઉપરથી ઉંધે મસ્તક પટકી નાંખે છે.

વધારે નવાઇ જેવું એ છે કે તેઓ પોતે પણ ખોટાં વખાણથી ઠગાઈ જઇ ખુશ થાય છે અને ગુણ અવગુણનું તોલ ન કરતાં જેઓ મ્હોડે વાહવાહ કહે છે તેમનેજ લાભ અપાવે છે, પછી તેઓ ગમે તેવા નીચ કુકર્મી હોય તોપણ એજ તેમને વાહલા લાગે છે. આથી તેઓ લોકોના તિરસ્કાર તરફ તેમજ પોતાના વિનાશ તરફ વધારે ને વધારે ધસતા જાય છે.

પરમાર્થના પેટામાં સ્વદેશાભિમાન પણ આવી જાય છે. પોતાની જાતના વૈભવવિલાસ તરફ લક્ષ ન દેતાં જેઓ દેશની ઉન્નતિ પાછળ મચ્યા રહે છે તેઓ ખરેખર માનને પાત્ર છે. "આપકો સૂખ્ત વ ગયરકો લઝઝત" 'પોતાને બાળી બીજાઓને મઝા ચખાડવી' એ કંઇ સહેલું કામ નથી. પણ એવા લોકો જો અતિ જુસ્સાવાળા હોય છે તો કાં તો ઝટ પોતાનો શુભ હેતુ પાર પાડે છે, કાં તો દેશનું કલ્યાણ થતાં પહેલાં વિરુદ્ધતાના પત્થર ઉપર ઠોકર ખાઇ પ્રાણ અર્પણ કરી દે છે. એવા મરણને પણ ધન્ય છે.

કેટલાક પરગજુ જનોનો એવોજ સ્વભાવ પડી રહેલો હોય છે કે ગમે તે પોતાના કામમાં મદદ લેવા આવે, પછી તે કામ સારૂં હોય કે નરસું હોય, વાજબી હોય કે ગેરવાજબી હોય તોપણ બેધડક તેને માગેલી મદદ આપવી એ પોતાની ફરજ છે એમ સમજી લે છે. પણ તેઓ ભૂલી જાય છે કે નરસા કે ગેરવાજબી કામમાં મદદ આપવી એ સારા કામમાં નડતર કરવા સમાન છે.

સ્વાર્થ કે આત્મપ્રીતિ અને પરમાર્થની આવશ્યક સીમા લૉર્ડ બેકને બહુ અચ્છી રીતે બતાવી છે.

"Divide with reason between self-love & Society; be so true to thyself, as thou be not false to others, specially to thy king and country."

અર્થ—પોતાનું હિત અને જનસમૂહ હિત વચ્ચે બુદ્ધિથી ભેદ પાડ, તે એવી રીતે કે પોતાના ભણી એટલે દરજ્જે વફાદાર રહે જેથી બીજાઓ તરફ વિશેષ કરી તારા રાજા તથા દેશ તરફ બેવફા ન થઇ જવાય.

ભ્રમપ્રકાશ.

અથવા

મનની ઠગાઇઓનો ખુલાસો.

મનની ઠગાઇના ત્રણ ભાગ પાડી શકાયઃ—(૧) સમયસંબંધી, (૨) સ્થળસંબંધી, અને (૩) સ્થિતિસંબંધી.

૧ સમયાંતરઃ—"આજે ભલાઇનો વખત નથી" એ કથન બે પ્રકારના લોક વાપરે છે. એક તો મતલબી લુચ્ચા લોકો,–જેઓ એમ દેખાડવા માગે છે કે અમે બીજાઓ ઉપર ભલાઇ કરીએ છીએ, પણ તેઓ અમારી સાથે સારી રીતે વર્તતા નથી. એમનો હેતુ એવો હોય છે એમ કહી લોકોનો સારો વિચાર સંપાદિત કરવો અથવા તો પોતાનો વાંક બીજાઓ ઉપર ઢોળી દેવો. તેઓ પોતે કંઈ ભૂલાવામાં હોતા નથી પણ બીજાઓને ઠગવા ઇચ્છે છે તેથી એ વિષે અહિં વધારે બોલવાની અગત્ય નથી. બીજા પ્રકારના લોકો–જેઓ પોતેજ ભૂલાવામાં પડી એમ માને છે કે જમાનો બગડતો ચાલ્યો છે—તેઓ વિષે મુખ્યત્વે કરી બોલવાનું છે. ગત અવસર વિષે સારો વિચાર થઈ જાય એ કંઇક સ્વાભાવિક છે. એનું કારણ એમ આપી શકાય કે, વીતી ગએલું સંકટ કાળાંતરે ભૂલી જવાય છે; અને એ સંકટનું ઝાંખું સ્મરણ વર્તમાન કાળના તાજા સંકટની અસર સાથે સરખાવતાં હાલનું સંકટ બહુ ભારે લાગે. વળી જેમ વીતી ગએલા વખત વાસ્તે તેમજ મૃત્યુ પામેલા માણસ વિષે પણ તેવોજ વિચાર ઉત્પન્ન થાય છે. કોઇ દુષ્ટ માણસે આપણને ગમે એટલું દુઃખ દીધું હોય

તોપણ તે મરી જાય તે પછી આપણે ઘણું કરી તેના વિષે કાંઈ માઠું બોલતા નથી, કેમકે વેર લેવાની લાગણી, જેના ઉપર વેર લેવાય તે ન હોવાથી પોતાની મેળે મંદ પડી જાય છે. જગત્માં દિનપ્રતિદિન લુચ્ચાઇ વધતી જાયછે અને ભલમનસાઇ ઘટતી જાયછે એવું કાંઈ નથી. પરંતુ તાજી અસર અને જૂની અસરની સરખામણીથીજ એ ભ્રમ ઉપજે છે. એથીજ આપણે એવી રીતનાં વચન સાંભળીએ છીએ, "સખી દાતા સબ મર ગયે, રહે ગયે મખીચૂસ." "Those good old days are gone" (સોના જેવા દિવસો વહી ગયા) વળી એમ થવાનું કારણ એમ પણ છે કે કોઇ અમુક માણસનો વાંક કાઢવા કરતાં સામાન્ય રીતે જમાનાનો વાંક કાઢયાથી મનને વધારે સંતોષ ઉપજે છે.

મથાળે ટાંકેલું કથન ગમત અર્થે મશ્કરી દાખલ પણ વપરાય છે. એ વિષે આ સ્થળે વિવેચન કરવાની જરૂર નથી.

"વાટ જોઇ જોઈ હું થાક્યો. કલાકોના કલાક વહી ગયા પણ હજી એ આવ્યો નહિ." એવી રીતે એક આતુર માણસને આપણે બોલતાં સાંભળીએ છીએ. આતુરતાથી કાળ દીર્ઘ થાયછે એ તો સ્પષ્ટ છે, તેથી એ વિષે વિશેષ લખવાની આવશ્યકતા નથી, અંગ્રેજીમાં એક કહેવત છે તેમાંથી એને લગતી સારી ચાનક મળે છે. "A watched pot never boils" "ચૂલા ઉપર મૂકેલા પાણી તરફ જોયાજ કરો તો તે કદી ઉકળે નહિ."

"દુઃખ આવે ત્યારે સામટુંજ આવે" "Misfortunes seldom come single." એ કહેવત કોઈ દુઃખી માણસની વિકાર પામેલી કલ્પનાશક્તિમાંથી જન્મેલી દીસે છે. ઘણી ખરી કહેવતો આપણને બોધ આપી મનની ઠગાઇથી આપણને બચાવી લે છે. પણ કેટલીક કહેવતો ખોટી કલ્પનામાંથી ઉપજેલી જોવામાં છે. આ પણ તે માંહેલી એક છે. એ વિષે વધારે ટીકા આગળ જોવામાં આવશે. સંકટમાં નવું સંકટ આવી પડે ત્યારે મન ઉપર જબરી

અસર થાય છે અને તે ઉપાય ખોળવા મંડે છે. ઉપાય ન જડયો તો પછી જેમ ડુબતો માણુસ ફીણુને વળગે તેમ તે જ્યાં ત્યાંથી દિલાસો મેળવવા ફાંફાં મારે છે. એવી સ્થિતિમાં તે એમજ માની લેછે કે દુઃખ તો સામટુંજ આવે. કુદરતનો એજ નિયમ લાગેછે. એમાં કંઈ પણ ખેદયુક્ત નથી. એમ માની લેનારને બહુ વખત એકજ પ્રકારના સંકટનો અનુભવ થયો હશે પણ તેની છાપ મગજ ઉપર રેહેતી નથી. "Sometimes hitting countervails many times missing" એટલે કે, "કોઈ કોઇ વાર નેમ લાગુ પડી તો તે બહુ વાર નેમ ચૂકી ગઇ હોય તે વાત વીસરાવી દેછે.' ભવિષ્ય વાણી તેમજ માનતાઓના સંબંધમાં પણ એમ બહુ વાર બને છે. કોઇ ભવિષ્યવાણી ખરી પડી તો તે તરત પ્રકટ થાય છે. હજારો એવી વાણી ખોટી પડે છે તેને કોઈ યાદ કરતું નથી. દરિયામાં તોફાન સમયે કેટલાક લોક માનતા કરે છે. જો તે તોફાનમાંથી તેઓ ઉગર્યા તો પછી જે દેવ કે દેવીની માનતા કરી હોય તેનાં વખાણ કરે છે અને કહેછે કે એણેજ અમારી રક્ષા કરી. લાખો માણુસ એવીજ રીતની માનતા કર્યા છતાં ડુબી ગયા છે તે બાબત ઉપર ધ્યાન જતું નથી. સ્વપ્ન કોઇ વાર ખરૂં પડે છે તે પણ એજ નિયમના પેટામાં આવે છે. ક્વચિતજ ખરાં પડતાં સ્વપ્નાં પ્રસિદ્ધિમાં આવે છે અને અસંખ્ય ખોટાં પડતાં સ્વપ્નાં ઢંકાઈ રહે છે.

"શોધી ચીજ જડે નહિ. જોઇએ નહિ ત્યારે રખડયા કરે" ઉપર આપેલી તાજી અસરને લગતી ટીકા એને પણ લાગુ પડેછે. જ્યારે શોધી વસ્તુ તરત જડેછે અને ઘણું કરીને તેમજ બનેછે ત્યારે તેની અસર મનપર રેહેતી નથી, અને તે વાત વીસરી જવાય છે.

૨ સ્થળાંતરઃ–"જે અંતરના આંખ ઘણા ભાગ પાડી શકે તે **અંતર** મોટો" ઉજ્જડ રણુની છેડે કોઇ ઇમારત હોય તો દૂર હોવા છતાં નજીક દીસે છે એ વાંચનારમાંના ઘણા ખરાઓએ અનુભવ્યું હશે. ત્યાં આગળ ચાલીને જતાં, આપણી અટકળ ખોટી પડવાથી,

ખરેખરા અંતર કરતાં પણ મનને વધારે અંતર ભાસે છે. એમાં એવડી ઠગાઇ છે. પ્રથમ નજર ઠગાય છે અને પછી મન ઠગાય છે. તેવીજ રીતે કોઇ પણ ચીજના જુદા જુદા ભાગ પાડયા હોય, તો તે ચીજ મોટી દેખાય છે; રૂપીઆનો એક ઢગલો હોય તેના કરતાં જો તેની નાની નાની ઘણી ઢગલીઓ એકજ નજરે દેખાય એવી રીતે કરી હોય તો રકમ મોટી દેખાય છે; તેમાં પણ જો ચોક્સ નિયમ નહિ રાખ્યો હોય તો તે વધારે મોટી દીસે છે. પરંતુ જો પ્રથમથી મન કોઇ પદાર્થના મહત્વ વિષે વિચાર બાંધે અને તે પછી તે પદાર્થના કકડા કર્યા હોય તો તે ઉલટો નાનો જણાય. જેમકે એક સૈન્ય મોટું છે એવો આપણો મત થયા પછી જો તે નાની નાની સંખ્યાબંધ ટુકડીઓમાં જોવામાં આવે તો તે ઉલટું નાનું દેખાય. એજ પ્રમાણે આજારી માણસ પાસે ઘડિયાળ હોય તો તે કાળ સહેલાઇથી નિર્ગમન કરી શકે. કેમકે વખત મુસ્કેલીથી જશે એવો એને પ્રથમથીજ ખ્યાલ રહે છે.

"જે ઠેકાણે ઘણું નાણું હોય તે ઠેકાણે આસપાસનું થોડું થોડું નાણું ખેંચાઇ આવે." "ઝર ઝરરા મીકશદ" "Like draws to like." એનેજ મળતાં જરા જુદી કિસમનાં બીજાં કથનો આવી રીતે બોલાય છે. "સારાની સંગતમાં હોય તે સારૂંજ હોય" "A man is known by the company he keeps." "પુષ્કળ નાણું થોડા નાણાંને ખેંચી લે છે." એવું જે ઉપર કહ્યું તેવી રીતે ઘણું કરી બને છે, કેમકે જેની પાસે પુષ્કળ નાણું હોય તે સારી રીતે મરજી પ્રમાણે વેપાર હુન્નર કે ખેતી ચલાવી શકે, કિંવા પૈસા વ્યાજે મૂકે, મતલબ કે તેની પાસે નાણું વધારવાનાં પૂરતાં સાધન હોય છે, તેથી તેમ કરવાને તે શક્તિવાન્ પણ થાય છે, પરંતુ સર્વદા તેમ બનતું નથી. કોઇવાર તે પોતાનું બધું નાણું ખોઇ પણ બેસે અને તેથી જે જે ઠેકાણે થોડું થોડું હોય તે તે ઠેકાણે વહેંચાઈ જાય એમ પણ બને. "સારાની સંગતમાં હોય તો સારૂંજ

હોય." એ લોકવાણી ખરી છે પણ તે અપવાદરહિત નથી. કોઇ વાર નઠારા લોકો સુધરવા માટે સારા લોકોની સંગતમાં રહે છે; તેમ કોઇ વાર સુજ્ઞ પુરુષો દુષ્ટ લોકોને બોધ કરી સાચે માર્ગે લાવવા તેઓની પાસે જાય છે. એ ઠેકાણે "A man is known by the company he keeps." એ કહેવત કેમ લાગુ પડી શકે? કહેવતો ઘણી ખરી અમુક પ્રસંગ ઉપરથીજ નિકળેલી હોય છે, અને તેમાંથી કેટલીક તો ચોકસ ઠેકાણેજ લાગુ પડી શકે અને બાકીની સાધારણ રીતે ચાલી શકે. પરંતુ બધે ઠેકાણે અપવાદરહિત લાગુ પડી શકે એવી કહેવત જવલેજ મળી આવે. એ કારણને લીધે કેટલીક કહેવતોમાં વિરુદ્ધતા માલૂમ પડે છે. જેમકે "ઝાઝા હાથ રળિયામણા" અને બીજી તરફ એમ પણ બોલાય છે કે "ઝાઝી સોયાણીએ વેતર વંઢે" અર્થાત્ કેટલેક પ્રસંગે પહેલી કહેવત વપરાય છે. અને તેથી તદન જુદેજ પ્રસંગે બીજી કહેવત વપરાય છે; કેટલાંક કામ એવી તરેહનાં હોય છે કે તેમાં જેમ વધારે માણસ કામે લાગે તેમ તે કામ સુધરે અને કેટલાંક કામ એવી તરેહનાં હોય છે કે તેમાં વધારે માણસો કામે લગાડયાથી ઉલટું તે કામ બગડે. વળી માનવ જાતને તદન લૂખું સાચું (Truism) ભાવતું નથી તેથી કહેવતોમાં અતિશયોક્તિ જોવામાં આવે છે. કોઇ એમ કહે કે "દૂધનો દાઝયો દૂધ ફુંકી ફુંકી પીએ," તો સાંભળનાર કહેશે કે એમાં શું છાણમાં તરવાર મારી? પણ એજ કથનને જરા બદલીને એમ કહ્યું હોય કે "દૂધનો દાઝયો છાશ ફુંકી ફુંકી પીએ" તો તે માણસને પસંદ પડે છે. જેમ નેત્રને નવી નવી વસ્તુઓ જોવી ગમે છે તેમ મનુષ્ય-મગજને પણ નવી નવી વાતની બહુ પ્રબળ ઇચ્છા રહે છે. એડમંડ. બર્ક નામનો વિદ્વાન્ તથા પ્રસિદ્ધ વક્તા કહે છે કે "Some degree of novelty must be one of the materials in every instrument which works up in the mind; and curiosity blends itself more or less with all

our passions " એનો ભાવાર્થ એ કે મન ઉપર અસર પહોંચાડવા માટે જે કાંઈ સાધનોની જરૂર છે તેમાં થોડે ઘણે દરજ્જે નવાઈ એ સાધન પણ જોઇએ; આપણા મનમાં ઉપજતા દરેક જુસ્સાની સાથે થોડી ઘણી જિજ્ઞાસા એટલે કે નવીન વાત જાણવાની ઇચ્છા પોતાની મેળે જોડાઈ જાય છે. " અમે એમ કહીએ છીએ કે એડમંડ બર્કનું પોતાનુંજ એ કહેવું જરા નવાઈ જેવું લાગે છે તેથીજ એ પસંદ પડતું થઇ પડે છે. એ મહાપુરુષનું વચન, એનાજ વચનથી ઉપજતી અસરથી સિદ્ધ થાય છે. એ ઉપરાંત કેટલીક કહેવતો તો મનની ઠગાઈમાંથીજ ઉત્પન્ન થએલી છે. સાધારણ માણસોના મન ઉપર જ્યારે ચિંતાનુ બહુ દબાણ આવી પડે છે ત્યારે તેના સંબંધના બનાવોની અસર ખોટી ઉપજે છે અને તેથી કેટલીક વાતો જે તે નહીં માનતો હોય તે તેવે વખતે તેને કહેવામાં આવે તો તે સ્વીકારે છે. દુ:ખની વેળાએ મન એવું પોચું અને શકિતહીન થઇ જાય છે કે કોઇ પણ પ્રકારના દિલાસાની વાટ ઝટ ગ્રહણ કરી લે છે. એ દિલાસા બે ત્રણ કિસમના છે (૧) "જે દુ:ખ આવી પડયું છે તે કાંઇ આપણા એકલા ઉપર નથી." બે ત્રણ જાતનાં દુ:ખ સાથે આવ્યાં તો મન એમ સમજવા તત્પર રહે છે કે એમજ બધાની સાથે બનતું આવે છે "દુ:ખીઆને દુ:ખ આવી મળે." (૨) કોઇ કોઇ વખતે તો દુ:ખને સુખ સમજી લેવા મન મથે છે, "Sweet are the uses of adversity."

૩. સ્થિત્યંતર. "ન્યાત જાત મૂકી દો એનો પાર ન આવે. તમારામાંથી જે શ્રેષ્ઠ હોય તે લ્યો, અમારામાંથી શ્રેષ્ઠ અમે લઇએ. પછી જોઇએ એ બેમાંથી કોણ ચઢે છે." એવી રીતની સરખામણી વાસ્તવિક નથી. દષ્ટાંત—પથ્થર અને ધાતુનો મુકાબલો—સરસમાં સરસ પથ્થર હીરો, અને સરસમાં સરસ ધાતુ સોનું. હીરો સોના કરતાં મૂલ્યવાન્ તેથી કાંઈ સામાન્ય રીતે વિચારતાં પથ્થર ધાતુ કરતાં વધારે કીમતી નહિ ગણાય. પ્રાચીન કાળમાં એમ બહુ વાર બનતું કે એક

સેનાધિપતિ પોતાના સમોવડિયાને કહે કે આપણે આખું લશ્કર શું કામ કપાવીએ; તમારામાંથી તેમજ અમારામાંથી સૌથી સરસ એક એક યોધ્ધો ચૂંટી કાઢીએ અને તેઓને લડાવીએ અને બીજો સેનાધિપતિ તે કબૂલ કરતો.

"Coming events cast their shadows before" એટલે કે "જે બનાવ બનવાનો હોય તેનો આભાસ આગળથીજ માલૂમ પડે છે. કોઈ આરંભેલું મોટું કામ સફળ ન થયું એટલે પછી તરેહવાર સંકલ્પવિકલ્પ ઉત્પન્ન થાય છે. મન સ્વાભાવિક રીતે નિષ્ફળતાનું કારણ શોધવા મંડે છે, અને તે દરમ્યાન ઝીણી ઝીણી તે કામમાં થયલી નડતરોનું સ્મરણ કરે છે. જો કારણ ન મળ્યું તો કોઇ પણ પ્રકારે ધીરજ પકડવાનું બહાનું ગ્રહણ કરવા તત્પર રહે છે અને એ સ્થિતિમાં હોવાથી એમજ ધારી લે છે કે જે કામમાં આવી આવી નડતરો થાય તે કામ પાર પડે જ કેમ ? જો કામ પાર પડવાનું હોત તો આવી નડતરો નજ થાત. એ તર્ક કોઇ વખત એટલે સુધી જાય છે કે એ નિષ્ફળ જવું આગળથીજ નિર્માણ થયલું હતું: અર્થાત્ એમાં ખેદ કરવાનું કંઇજ કારણ નથી. એ રીતે માનવ જાત કદાપિ તે બાબતમાં પોતાનો વાંક હોય તો પણ તે ભૂલી જવા યત્ન કરે છે, કેમકે જો પોતાની ભૂલ જણાય તો તેને માટે પશ્ચાત્તાપ થાય. ખરૂં પૂછાવો તો પોતાની ભૂલ જણાઇ તો માણસે રાજી થવું જોઇએ કેમકે ભૂલ સુધર્યાથી બીજી વાર તેને ફતેહ પામવાનું સાધન મળે છે. વળી એ પ્રકારના બે ચાર સમયના અનુભવ ઉપરથી ભવિષ્યને માટે કાંઇક નિયમ સિદ્ધ કરવા માણસની ઇચ્છા થાય છે; નિશ્ચય એમ કરે છે કે જે કામમાં આવી આવી રીતના સંજોગ બને તે પાર ન પડે. સારાં અથવા માઠાં શકુન (omens) ની ઉત્પત્તિ એજ ઉપરથી નીકળેલી હોવી જોઇએ. કોઈ કામે નીસરતાં રસ્તામાં બે ત્રણ વાર એમ બન્યું કે લાકડાંનો ભારો ઉંચકનાર સામો મળ્યો અથવા તો બિલાડી આડી ફરી ગઇ અને કામ સિદ્ધ ન થયું તો તે ઉપરથી

માણુસ સિદ્ધાંત કાઢે છે કે જ્યારે પણ લાકડાંનો ભારો ઉંચકનાર સામો મળે અથવા બિલાડી આડી ફરે તો કાર્યની સિદ્ધિ ન થાય; અને એથી ઉલટું જો આવી આવી રીતનાં ચિહ્ન દેખાય તો જરૂર ફતેહ થાય. પરંતુ તે એમ નથી વિચારતો કે એ ચિહ્ન અને એ કામના પરિણામ વચ્ચે સંબંધ શો છે. એ સંબંધ વિચાર્યા વિના એમ માની લેવું કે પરિણામ પહેલાં જે કાંઈ એની પૂર્વે બને તે એનું કારણ હોવું જોઇએ, એ ભૂલ ભરેલું છે. જેમકે રાત્રિ પછી દિવસ થાય છે અને દિવસ પછી રાત્રિ આવે છે તેથી એ એ કંઈ એક બીજાનાં કારણ નથી, રસ્તે ચાલતાં તો સેંકડો ખેલ નજરે પડે તેની સાથે કામના પરિણામની શી સગાઇ? વેહેમી લોક, સવારનાં ઉઠતાં વાર કોઈ વિધવા કે વાંઝિયાનું મ્હોં જુએ તો એમજ ધારી લે કે આખો દિવસ નિરાશામાં જશે. એ કેટલી મૂર્ખાઇ! એવી રીતે મ્હોડું જોયાની અસર તેઓના ધંધા રોજગાર ઉપર કેમ કરી થઇ શકે? એ વિષે નિયમો આગળ ઉપર જોવામાં આવશે. કોઇ વાર એમ બને છે કે કંઈ પણ કારણ સમજ પડયા વિના માણસને ઘડીભર ચેન પડતું નથી અથવા કંઇક માઠું બનશે એવો વિચિત્ર સંકલ્પ (Presentiment) થાય છે. તેજ દિવસે જો કોઇ માઠો બનાવ ન બન્યો તો આગળ થઇ ગએલા સંકલ્પની વાત વિસરી જવાય છે. પણ જો ખરેખર કાંઈ માઠું બન્યું તો એમ વિચાર આવે છે કે "પ્રથમથીજ મને કાંઇક અણસારો માલૂમ પડયો હતો. મને જે બેચેની થતી હતી તે આ માઠો બનાવ બનવાનો હતો તેની અગમચેતી." "ડાબી આંખ ફરકી હતી તેનું કારણ એજ." કોઈ અસાધારણ શક્તિ ધરાવવાની મનને સદા તૃષ્ણા રહે છે તેમાંથી એ ભ્રમ ઉપજે છે. એવી મનમાં ઇચ્છા હોવાથી (The wish boing fathor to the thonght) તેને એમજ માનવાની વૃત્તિ થાય છે અને તે એમજ સમજી લે છે કે જે કાંઇ બનવાનું હોય છે તેની મને કાંઈક કાંઈક અગમચેતી મળે છે. આવી રીતે મનુષ્ય વિચાર

લાવી, મગ્ન થઇ મનને શાંત કરે છે. એવી અલૌકિક શકિત ધરાવવાનું કારણ, સ્વાભિમાન, પવિત્રતાથી સ્વાભાવિક રીતે નીપજતી ઇશ્વરકૃપા અથવા પોતાનું વિશાળ જ્ઞાન, સૂચવે છે.

વિવિધ પ્રકાર:—"એક યુકિત લાગુ ન પડી તો બીજી લગાડીશું. બીજી નહીં તો ત્રીજી; ત્રીજી નહિ તો ચોથી. આપણી પાસે તો સેંકડો યુકિતઓ છે." ઇસપનીતિમાં આવેલી બિલાડી અને કોહલાની વાત આ ઠેકાણે આબાદ લાગુ પડે છે. કોહલું પોતાની અનેક યુકિતઓ છતાં સપડાઇ ગયું. બિલાડી પોતાના એકજ ઉપાયથી (ઝાડપર ચઢી ગયાથી) બચી. અનેક તરેહના અચોકસ ઇલાજ કરતાં એક ચોકસ ઇલાજ ભલો.

"સલામત રહેવું હમેશાં સારૂં છે. એવું પગલું ભરવું ન જોઇએ કે પાછું હઠાય નહિ. એવે ઠેકાણે ન જવું કે જ્યાંથી પાછા ફરવાનો માર્ગ ન રહે. બાજી હાથમાંથી જતી રહેશે તેના કરતાં બેહેતર છે કે ગમે તેવું દુઃખ વેઠી ગુપચુપ બેસી રહેવું." એ મનની દગાઇ પણ ઇસપનીતિમાં ખુલ્લી પડેલી છે. દેડકાંઓની વાર્તા બોધ લેવા યોગ્ય છે. દુકાળના સમયમાં ખાબોચિયાં એક પછી એક સૂકાઈ ગયાંથી બે દેડકાં મસલત કરવા લાગ્યાં કે હવે કરવું શું. એકે સૂચના કરી કે ઉંડા કૂવાની અંદર ઉતરીએ કેમકે ત્યાં પાણી સૂકાશે નહિ. બીજો કહે ના એમનો ન કરવું. જો ત્યાં પણ પાણી સૂકાઇ જાય તો પછી નિકળી શકાય કેમ? પણ એટલો વિચાર સૂઝયો નહિ કે જો કંઇ પણ કરીશું નહિ તો ખચિત મરવાનું થશે. કાંઈ પણ નિશ્ચય ન કરવો એ પણ એક નિશ્ચય છે અને એ થકી પણ બહુ વખત તેટલેજ દરજ્જે બંધન ઉપજે છે.

પોતાના સંતાન વિષે સારો વિચાર. માબાપને બચ્ચાં ઉપર જે સ્વાભાવિક પ્યાર હોય છે તેમાંથી તરેહ તરેહના ભ્રમરંગ નિકળે છે. પ્રીતિથી ઉપજતો આનંદ અને આનંદથી થતો પ્રીતિમાં વધારો એ વડે બહુ વાર એમ બને છે કે માબાપનો બચ્ચાં માટે સારો

મત બહુ ઊંચાઇએ ચઢી જાય છે. તેઓ એમજ માની બેસે છે કે બીજાં તો સઘળાં છોકરાં ઠીક, પણ આ છોકરાંમાં તો કાંઈ ભારે જબ્બર શક્તિ છે એ ખ્યાલને નસાડી મૂકવા નીચેની કહેવતમાંથી સારો ચાબકો મળી આવે છે.

"છગન મગન તો સોનાના, પારકા દીકરા ગારાના."

ઉપર જે કહ્યું તેવો ભ્રમ સાધારણ રીતે બહુ જોવામાં આવે છે. આપણે ભૂલવું ન જોઇએ કે કેટલાંક છોકરાં તો ખરેખર અલૌકિક શક્તિનાં હોય છે પણ તેમજ જ્યારે હોય છે ત્યારે તેવાં છોકરાનાં માબાપનોજ નહિ પણ કુળીઆવાળાં તેમજ આસપાસ સંબંધ ધરાવનારા લોકોનો પણ તેમને વિષે તેવોજ મત હોય છે.

પરંતુ એમ ન સમજવું કે પોતાના છોકરા માટે ઊંચો મત સદા ટકી રહે છે. બહુ નવાઇ જેવું પણ ખરૂં છે કે બાર તેર વરસનો છોકરો થાય ત્યારે પ્રત્યાઘાત થવા માંડે છે. એટલે કે માબાપનું મન પ્રથમથી ઉલટુંજ વલણ પકડે છે અર્થાત્ પ્રતિકૂળ ભ્રમનો આરંભ થાય છે. આ સમયથી પ્રીતિ પણ ધીમે ધીમે ઓછી થવા માંડે છે અને બીજી તરફ છોકરાને પણ સ્વતંત્રતા તરફ તૃષ્ણા શરૂ થાય છે. જ્યારે પચીસ ત્રીસ વરસનો થાય છે ત્યારે તો તે સ્વતંત્રપણે વર્તવા હિમ્મત કરે છે. બાપને એવો વિચાર આવતો નથી કે સ્વતંત્રતા સૌને વહાલી છે; અને પોતે એજ ઉમ્મરે કેવી રીતે વર્તતો હતો તે તેને બરાબર યાદ આવતું નથી તેથી તે એમ સમજે છે કે છોકરો હવે આપણા કહ્યામાં રહેતો નથી અને ખેદ કરી બોલે છે કે "શું બધા છોકરા આમ કરતા હશે? નહિ, નહિ, એજ છોકરો એવો છે." ધીમે ધીમે છોકરાની સલાહ પણ રુચતી નથી અને બીજાની સલાહ લેવા માંડે છે, અને તે એટલે દરજ્જે કે બીજાઓ છોકરાનો મત પૂછવા આવે તોપણ બાપ તો બીજાઓની સલાહ માન્ય કરે છે. "ઘરની ગેવર ગાજર સમાન" ગણાઈ જાય છે. એથી ઉલટા દાખલા જવલેજ બને છે. **જૂનું એટલું સોનું. જૂના પુરાતન કાળના માણસો વધારે અનુભવી.**

જૂના જમાનાના માણુસો બહુ અનુભવી અને ડાહ્યા હતા. તેમાંના કેટલાક તો ડહાપણુ માટે એટલા પ્રખ્યાત હતા કે આજ દિન સુધી તેમનાં નામ અમર રહી ગયાં છે. પોતાના અનુભવ ઉપરથી તેઓ કેવી કેવી ઉમદા નસીહતો આપી ગયા છે. આપણે આજ કાલના તેમના વિચારોમાં ખામી કેમ કાઢી શકીએ ? તેમની સાથે સરખાવતાં આપણુને અનુભવ શો છે કે આપણે તેમ કરવાની હિમ્મત પણ કરી શકીએ ? તેમના કરતાં આપણે વધારે સમજીએ છીએ એમ આપણાથી શા આધારે કહી શકાય ? આવા બુઝરગ બુદ્ધિમાન્ પુરુષોનાં વચનોનો આપણે અંગીકાર કરવોજ જોઇએ.

પ્રાચીન કાળના લોકોના માનાર્થે કેટલાક જણ એવી એવી દલીલો ઉભી કરે છે. આ દલીલોમાં કંઈ ભૂલ છે કે નહિ તે તપાસીએ.

અનુભવ આપણુને વધારે કે તેમને વધારે ?

તેમના વખતમાં જે જે વિદ્યાહુન્નર સંબંધી શોધો થયા છે તે આપણે જાણી શકીએ છીએ એટલુંજ નહિ પણ તે પછીના જમાનામાં અને હાલના જમાનાના શોધો આપણા જાણવામાં આવ્યા છે. ફક્ત આ ઓગણીસમી સદી લઇએ તો આપણે જોઈશું કે આગગાડી, ફોટોગ્રાફ, તાર, ટેલીફોન, ફોનોગ્રાફ ઇત્યાદિ અનેક ઉપયોગી શોધો થયા છે. બચ્ચું જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેને વિશેષ જ્ઞાન થતું જાય છે. જમાનો જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ જ્ઞાનમાં વધારો થતો જાય છે તો વધારે જ્ઞાનવાળા એટલે આ જમાનાના લોકો તે વધારે અનુભવી કે પુરાતન જમાનાના લોકો ? જમાનો જેમ જેમ વધારે વર્ષ ખાતો જાય છે તેમ તેમ તેની ઉમ્મર મોટી થતી જાય છે તો બુઝરગ તેઓ કે આપણે ? દરેક જમાનાને પ્રથમ થઇ ગયેલા જમાનાના જ્ઞાનનો વારસો મળે છે.

એક વાતમાં તેઓ આપણા કરતાં વધારે જ્ઞાનવાન્ ખરા. તે એ કે તેમના પોતાનાજ વખતમાં અથવા લગભગ તે સમયમાં જે

બનાવો બન્યા હોય તો તે વિષે તેમણે પોતે અભિપ્રાય આપ્યો હોય તે બાબતમાં આપણા કરતાં તેમનો મત વધારે વજનદાર ગણી શકાય.

આ ભ્રમનું મૂળ તપાસીએ તો તે આવી રીતે નીકળી શકે. હાલના જમાનાના લોકોમાં જેઓ આપણા કરતાં ઉમ્મરે મોટા એટલે કે આપણાથી પ્રથમ જન્મેલા તેમનો અનુભવ આપણાથી વધારે.

જમાનાનો મુદ્દો એક કોરે રહી ગયો અને ભ્રમ એમ નીકળ્યો કે આપણાથી પ્રથમ જન્મેલા તેમનો અનુભવ આપણાથી વધારે.

બેહુ બાજુઓ તપાસો. કોઇ પણ સવાલની માત્ર એકજ બાજુ જોયાથી બહુ ભૂલાવો ઉત્પન્ન થાય છે.

એક પક્ષકારનું સાંભળી અનુમાન બાંધવું એ બહુ ભૂલ ભરેલું છે. ઘણી વાર એમ બને છે કે એક પક્ષનું બોલવું સાંભળી આપણે જે વિચાર બાંધ્યો હોય તેના ઉપર બીજા પક્ષનું બોલવું સાંભળ્યાથી નહિ ધારેલો પ્રકાશ પડે છે અને પ્રથમનો વિચાર તદન ફેરવવો પડે છે. વિલાયતના રાજબંધારણમાં લિબરલ અને કોનઝરવેટીવ એવા બે પક્ષ રાખ્યા છે એમાં બહુ ડહાપણ ખરચેલું છે. એથી વાજબી ગેરવાજબી તરત પ્રકટ થાય છે.

એક તરફ સોનાનું અને બીજી તરફ રૂપાનું પૂતળું જોઇ, બે જૂદી જૂદી દિશાઓથી આવતા વટેમાર્ગુ વચ્ચે જે ઝઘડો થયો તેમાંથી બહુ નસીહત લેવા જેવું છે. ઉપર ટાંકેલા કથનની કીંમત જેટલી ગણીએ એટલી ઓછી છે.

કાગનું બેસવું ને તાડનું પડવું. તાડ ઉપર કાગડો આવી બેઠો ને તરતજ તે ઝાડ પડી ગયું એ ઉપરથી શું આપણે એમજ અનુમાન કરવું કે કાગડાના બેસવાથીજ એ ઝાડનું પડવું થયું ? એને લગતો બીજો એક દાખલો લઇએ. એક માણસ હમેશની રીતે ખીચડી ન જમતાં એક રાતે દહીં ને સાકર ખાઇને સૂઇ ગયો ને સવારના બિછાનામાં મુએલો માલૂમ પડયો. શું એ ઉપરથી આપણે એમ કહી શકીશું કે દહીં ને સાકર ખાધાથી એ મરણ પામ્યો ?

એ પ્રશ્નને તેના સામાન્ય રૂપમાં તપાસવાનું ઉચિત જણાય છે. એક બનાવ બન્યો કે તે પછી તરતજ બીજો બનાવ બન્યો તો પ્રથમનો બનાવ પાછળના બનાવનું કારણ ક્યારે ગણી શકાય ?

નિયમ ૧ લો. બે બનાવોનું યુગલ બે અથવા અધિક વખત એવી રીતે બને કે પ્રથમના બનાવની બે અથવા અધિક બાબતોમાંથી એક બાબત જ્યારે જ્યારે જોવામાં આવે ત્યારે ત્યારે બીજા બનાવની બે અથવા અધિક બાબતોમાંથી એક બાબત તે દરેક વખતે જોવામાં આવે તો એ બે મળતી આવતી બાબતો પરસ્પર કારણરૂપે જોડાયલી હોય એવો ઓછો કે અદકો સંભવ રહે છે.

યાદ રાખવું કે ઉપર કહેલી બે બાબતો પરસ્પર કારણરૂપે અવશ્ય જોડાયલી હોવી જોઇએ એમ નથી કહ્યું પણ સંભવ રહે છે એમ કહ્યું છે. પરંતુ જેમ જેમ એવા દાખલા વધારે બનતા આવે તેમ સંભવ વધતો જાય. અર્થાત્ આપણે નિશ્ચય તરફ વધારે ને વધારે પગલું ભરતા જઇએ.

દૃષ્ટાંત. એક માણસ રાતના સોમલ ને પાણી મિશ્ર કરી પી ગયો. થોડી વાર પછી શરીરે તેને બેચેની માલૂમ પડી અને તે પછી મરણ પામ્યો. બીજી વાર એમ બન્યું કે એક માણસ દૂધ અને સોમલ મિશ્ર કરી પી ગયો; આગળના દાખલા કરતાં બેચેનીનાં કંઇક જુદાં ચિહ્ન માલૂમ પડયાં પણ થોડા વખત પછી એ પણ મરણ પામ્યો. જો સોમલના ગુણ વિષે આપણે તદન અજાણ હોઇએ તો ફકત આ બે દાખલા ઉપરથી આપણે એમ નિશ્ચય ન કરી શકીએ કે સોમલ બન્નેમાં હતું અને મરણ બન્ને દાખલામાં બન્યું—બેચેનીનાં ચિન્હો કાંઇક જુદાં પડયાં તેનું કારણ એકમાં પાણી અને બીજામાં દૂધ—માટે મરણ નિપજ્યું એ સોમલ થકી જ.

પરંતુ સોમલ અને ત્રીજી કોઇ ચીજ, સોમલ અને ચોથી કોઇ ચીજ ઇત્યાદિ અનેક દાખલાઓ જુદા જુદા દેશમાં અને જુદી જુદી ઋતુઓમાં બને અને દરેકમાં મરણ નીપજે તો આપણે નિશ્ચયતાની નજીક અને નજીક અવાતા જઇએ. ઉપરના માત્ર બે દાખલાઓપરથી કંઈ પણ ચોકસપણે કહેવાઈ શકાય નહિ તેની ખાત્રી કરવી હોય તો એ દાખલાઓમાં જે ચીજો લીધી છે તેથી જુદી ચીજો લઈ ફેરફાર કરવો. જેમકે એક માણુસ સોમલ અને લીંબુ મિશ્ર કરી પી ગયો. બેચેનીનાં અમુક ચિહ્ન જણાયાં અને તે પછી થોડા વખતમાં મરણ પામ્યો. બીજા એકે અફીણ અને લીંબુ મિશ્ર કરી પીધાં. બેચેનીનાં અમુક ચિહ્ન (પણ પ્રથમથી કાંઇક જુદાં) જણાયાં અને તે પછી મરણ પામ્યો. બન્ને દાખલાઓમાં લીંબુ હતુંજ અને મરણ પણ નીપજ્યું ત્યારે શું લીંબુ થકી મરણ નીપજ્યું ?

પહેલા દૃષ્ટાંતનું ટુંકું રૂપ.

પ્રથમનો બનાવ.	પાછળનો બનાવ.
સોમલ તથા પાણી.	અમુક ચિહ્ન તથા મરણ.
સોમલ તથા દૂધ.	જુદી રીતનાં ચિહ્ન તથા મરણ.

માટે મરણનું કારણ સોમલ.

ઉપરની બાબતો અક્ષર વડે દર્શાવીએ તો નીચે પ્રમાણે

ક, ખઃ ભ, મ.

ક, ગઃ બ, મ.

માટે મનું કારણ ક.

આ ઉપરથી એટલુંજ સમજવું કે મનું કારણ ક હોય એવો સંભવ રહે છે અને ઉપર કહ્યું તેમ જેમ જેમ વધારે દાખલાઓ બને તેમ તેમ સંભવ વધતો જાય. આ નિયમનો ઓછો અદકો ઉપયોગ નિત્યના વ્યવહારમાં બેમાલૂમ આપણે કર્યા જઇએ છીએ. મન બે ત્રણ દાખલાઓપરથી ઉતાવળું અનુમાન કરવાને સદા તત્પર રહે છે તેથી બહુવાર અસાવધપણે જે બાબત બનવાનો કિંચિત્ માત્ર

સંભવ રહેલો તે બાબત સંભવિત અને તે કરતાં આગળ વધી નક્કી જેવી મનાઇ જાય છે. આવો ભૂલાવો ન થાય તે સારૂ ઉપલા નિયમનું લક્ષપૂર્વક મનન બહુ અગત્યનું છે.

એ નિયમમાં આટલી વિશેષતા હોય તો તેનું અચોકસપણું ઘણે દરજે ઓછું થાય છે.

વિશેષ એમ જોવામાં આવે કે પાછળના બનાવની બે અથવા અધિક બાબતોમાંથી જ્યારે જ્યારે ઉપર કહેલી એક બાબત ન હોય ત્યારે પ્રથમના બનાવની પણ આગળ કહેલી એક બાબત ન હોય પણ બીજી બધી હોય તો પ્રથમ બનાવની એ અમુક બાબતનું કારણ હોવું જોઇએ; અને એ નિયમની બધી શરતો સંપૂર્ણ રીતે પૂરી પડી છે એમ ધારી શકાય તો આગળ વધી એમ પણ કહી શકીએ કે એ એકજ એનું કારણ છે.

બહુવાર મારા જોવામાં એમ આવ્યું કે જ્યારે જ્યારે હું અમુક વસ્તુ ખાધામાં લઉં છું ત્યારે ત્યારે મારૂં માથું દુખી આવે છે. વિશેષ એમ અનુભવ થયો કે એ વસ્તુ જ્યારે હું મૂકી દઉં છું ત્યારે માથાનો દુઃખાવો મટી જાય છે તો એ ઉપરથી અનુમાન એમ નીકળે છે કે એ અમુક વસ્તુ ખાધાથી મારૂં માથું દુખ્યું હતું અને તે ઉપરથી હું એમ નિશ્ચય કરૂં કે એ ચીજ હવેથી મારે નહિ વાપરવી તો તે વાજબી ગણાય.

નિયમ ૨ જો. બે બનાવોનું યુગલ એવી રીતનું હોય કે પ્રથમના બનાવની બે કે અધિક બાબતોમાં જ્યારે એક અમુક બાબતનો વધારો થાય ત્યારે બીજા બનાવની બે કે અધિક બાબતોમાં પણ કોઇ અમુક બાબતનો વધારો થાય છે એમ જોવામાં આવે ત્યારે એમ અનુમાન નીકળી શકે કે પ્રથમની નવી બાબત પાછલા બનાવની નવી બાબતનું કારણ છે; અથવા પ્રથમના બનાવની બે કે અધિક

બાબતોમાંથી એક અમુક બાબત ઓછી કરી હોય તો બીજા બનાવની પણ એક અમુક બાબત ઓછી થઈ જાય છે એમ જોવામાં આવે તો પ્રથમના બનાવની બાદ કરેલી બાબતો બીજા બનાવની બાદ કરેલી બાબતનું કારણ છે એમ અનુમાન થઈ શકે.

ક, ખ: ભ, મ,

ક. ખ, ગ: ભ, મ, ય,

માટે યનું કારણ ગ.

અથવા

ક, ખ: ભ, મ.

ક: ભ

માટે મનું કારણ ખ.

દૃષ્ટાંત:—

પાણીથી ભરેલા પ્યાલામાં આપણે ફક્ત સોડા નાખીએ કે આસિડ નાખીએ તો પાણીનો ઉભરો આવતો નથી પણ બન્ને ચોકસ પ્રમાણમાં નાખીએ તો ઉભરો આવે છે તે ઉપરથી આપણે તરત કહી શકીએ કે ઉભરો આવવાનું કારણ ચોકસ પ્રમાણમાં નાંખેલું સોડા અને આસિડ.

એક તનદુરસ્ત માણસને બે દિવસ સુધી ખાવા પીવાનું તદન બંધ કર્યું અને તે મરણ પામ્યો તે ઉપરથી જે ચૈતન્યને આપણે જીવ કહીએ છીએ તે નીકળી જવાનું કારણ ખોરાકનું બંધ રહેવું એમ કહેવાય.

આ નિયમ ઘણું કરી પ્રયોગને લાગુ પડે છે અને પહેલા નિયમમાં જેવું અનિશ્ચિતપણું છે તેવું આમાં નથી. આમાં તો માત્ર એકજ પ્રયોગ ઉપરથી અસંખ્ય દાખલાઓને લાગુ પડતો ધારો વાસ્તવિક પણે ખોળી શકીએ છીએ પણ તે પ્રયોગ તપાસવામાં બહુ સંભાળ રાખવી જોઇએ કે કોઈ નવી બાબત જેની કંઇ પણ અસર જે બનાવ વિષે આપણે શોધ ચલાવતા હોઇએ તેના ઉપર લાગુ થઈ શકે તેવી બાબત દાખલ થવી ન જોઇએ. જો આ બાબ-

તની ખાત્રી થઇ તો એકજ પ્રયોગપરથી બહુ ઉપયોગી વાસ્તવિક અનુમાન આપણે બાંધી શકીએ. આ નિયમના પેટામાં આપેલાં બે દૃષ્ટાંતો અથવા તેના જેવાજ બીજા પ્રયોગોમાં ઉપર કહેલી બાબતસર (એટલે કે કોઈ નવી બાબત કાર્ય ઉપર અસર કરે તેવી અજાણ-પણે દાખલ તો થઇ નથી ગઇ) કંઇ શંકા રહી જતી હોય તો જુદે જુદે વખતે બે ત્રણવાર તેજ પ્રયોગો ફરીથી કર્યાથી શંકા દૂર થઈ શકે.

માત્ર એકજ પ્રયોગ ઉપરથી આપણે બહોળા સિદ્ધાંત ઉપર કેવા તર્કથી આવી શકીએ છીએ તે નીચે દેખાડયું છે.

સોડા આસિડવાળું ઉદાહરણ.

પાણીમાં ઉભરો આવ્યો તેનું કંઈ પણ કારણ હોવું જોઇએ. કારણ વિના કાર્ય ન હોય.

સોડા તથા આસિડ સિવાય બીજી કોઈ વસ્તુનો તેમાં ઉમેરો થયો નથી માટે સોડા તથા આસિડ થકીજ પાણીમાં ઉભરો આવ્યો. એકને એક કારણમાંથી તેજ કાર્ય નીપજે (કુદરતની સમરૂપતા).

માટે જ્યારે જ્યારે આપણે સોડા તથા આસિડ એજ પ્રમાણમાં નાંખીશું, ત્યારે ત્યારે પાણીમાં ઉભરો આવશેજ.

પહેલો નિયમ ઘણું કરી સ્વાભાવિક રીતે બનતા બનાવોનું અવલોકન કરવામાં ઉપયોગી છે. એક તરફ અનિશ્ચિતપણાનો કંઇક દોષ લાગુ પડે છે તો બીજી તરફ આગળ વર્ણવેલી પૂર્વણી સમેત લેતાં તેમાં એવો ગુણ છે કે આપણે તે બનાવનું ખરૂં કારણ શોધી શકીએ છીએ એટલુંજ નહિ પણ એજ કારણથી તે બનાવ બની શકે એમ પણ કહી શકીએ છીએ.

નિયમ ૩ જો. જો બે બનાવોનું યુગલ એવી રીતનું હોય કે એક બનાવ અમુક રીતે બદલાય તો બીજો બનાવ પણ બદલાય તો એ બે બનાવો કારણની રીતે જોડાયલા હોવા જોઇએ.

આ નિયમ બીજા નિયમને કેટલીક રીતે મળતો છે, પણ તફાવત એ છે કે બીજા નિયમમાં જ્યારે બેઉ બનાવની અમુક બાબત તદ્દન નીકળી જાય ત્યારે તે લાગુ પડી શકે છે પણ કુદરતના અવલોકનપરથી એમ જણાશે કે કેટલાક બનાવોમાં અમુક બાબત એવી રીતે જોડાયલી હોય છે કે તેમાં વધઘટ થયા કરે પણ તે તદ્દન નાબૂદ ન થાય અને તેવા બનાવોમાં બીજો નિયમ નહિ પણ ત્રીજો નિયમ લાગુ પડે છે.

દૃષ્ટાંતઃ—કાચની એક લાંબી નળી લીધી હોય અને તેમાં પારાનો અમુક જથો નાંખ્યો હોય તો માલૂમ પડશે કે જેમ જેમ આસપાસની હવામાં ગરમીનો વધારો થતો જશે તેમ તેમ શીશીમાં પારો ઉપર ચઢતો જશે માટે પારો ચઢવાનું કારણ ગરમીનો વધારો.

આ દાખલામાં પ્રયોગોવડે આપણી ખાત્રી થઈ શકે છે કે આસપાસની હવાની સ્થિતિમાં ફેરફાર અને શીશીમાં પારાનું ચઢવું એ બે બાબતો સિવાય ત્રીજી કોઈ એવી રીતે બદલાતી નથી અને તે ઉપરથીજ આપણે કહી શકીએ છીએ કે એક બાબત કારણ છે અને બીજી કાર્ય છે. પણ જો એ વિષે આપણી ખાત્રી થઈ ન શકતી હોય તો એમ પણ બને કે એ બેઉ બનાવ ત્રીજાજ કોઈ બનાવમાંથી નીપજતું કાર્ય હોય. જેમ કે જેમ જેમ વીજળીનો ઝબકારો વધતો જાય તેમ તેમ મેઘ ગર્જનાનો કડાકો જબરો થતો જાય પરંતુ એ બે બનાવોમાંથી એક કાર્ય છે અને બીજો કારણ છે એમ નથી પણ બન્ને એક સરખી રીતે વાદળના ઘર્ષણમાંથી નીપજતાં કાર્ય છે; અને એટલાજ માટે નિયમમાં એમ કહ્યું છે કે એ બે બનાવો કારણની રીતે જોડાયલા હોવા જોઇએ, એટલે કે એક બનાવ બીજાનું કારણ હોય કિંવા ત્રીજા કોઇ બનાવનાં બન્ને કાર્ય હોય.

આ નિયમમાં નીચે પ્રમાણે પૂર્વણીનો ઉમેરો થઈ શકે. "જો આપણી ખાત્રી થઈ શકે કે આ બે બનાવ જોડે ત્રીજો કોઇ બનાવ

એવો નથી જે એવી રીતની વધઘટ સ્વીકારી શકે તો આપણે એમ કહી શકીએ કે પ્રથમનો બનાવ પાછળના બનાવનું કારણ છે."

આ નિયમ જેટલી હદ સુધી પ્રયોગો કર્યા હોય તેટલી હદ સુધી લંબાવવો ઠીક છે પણ તે કરતાં આગળ વધી ગણત્રી ચલાવતાં પહેલાં અત્યંત સંભાળ લેવી જોઇએ.

વરાળની સ્થિતિસ્થાપકતા, પ્રવાહી પદાર્થો તેમજ એવી કિસમની બીજી વસ્તુઓ તેના સ્પર્શમાં આવતા પદાર્થોને કેટલે અંશે નડતર કરે છે તેને લગતી પૂર્વે થયલી ગણત્રીઓ પ્રયોગોની હદમાં ન રહેલી એવી હાલ વિશેષ પ્રયોગોથી ખોટી માલૂમ પડી છે. ભૂલો જે થઈ છે તે આ નિયમનો ગેર ઉપયોગ કર્યાથી થઈ છે. આથી કાંઈ નિયમ દૂષિત ઠરતો નથી. નિયમ બરાબર અમલમાં આણ્યો હોય તો એમાંથી બહુ ઉપયોગી સિદ્ધાંતો નીકળે છે. ગતિનો બહુજ જાણીતો પહેલો નિયમ આ નિયમને આધારેજ નીકળ્યો છે અને તેનો એક ભાગ ટુંકામાં આવી રીતે વર્ણવી શકાય.

"ગતિમાન્ સર્વ પદાર્થો જ્યાં સુધી કોઈ નવું બળ લાગુ ન થાય ત્યાં સુધી તે સીધી લીટીમાં એક સરખી ગતિમાં ચાલુજ રહેશે."

આ નિયમ ઉપર ઉપરથી જોતાં આપણે દરરોજ જે નજરે દેખીએ છીએ તેથી તદન ઉલટો ભાસે છે. આપણે ખુલ્લી રીતે જોઇએ છીએ કે પૃથ્વી ઉપરના તમામ પદાર્થો જ્યારે પણ ગતિમાં હોય છે ત્યારે રફતે રફતે તેની ગતિ ધીમી થઇ જાય છે અને અંતે તે અટકી પડે છે પરંતુ એમાં યાદ રાખવું જોઇએ કે દરેક ગતિમાન્ પદાર્થને કેટલી કેટલી હરકતો (ઘર્ષણ, હવાનું નડતર ઇત્યાદિ) વચ્ચેથી પસાર થવું પડે છે. આ નડતરોનો નિયમમાં જે નવું બળ કહ્યું છે—એટલે કે જે બળથી તે ગતિ પ્રાપ્ત થઈ પદાર્થ ગતિમાન થયો તે સિવાયનું કોઇ પણ બળ—તેમાં સમાવેશ થાય છે. એ નડતરોનો તદન અટકાવ કરી પ્રયોગ કરવો એ આપણી શકિતથી

બહાર છે પરંતુ એ નડતરો ઘણે દરજ્જે આપણે કમી કરી શકીએ છીએ. ઉદાહરણ છે કે ખરબચડી જમીન ઉપર આપણે દડો ગબડાવીશું તો થોડીજ વારમાં તે ગતિથી અટકશે. જો જમીન સરખી અને લીસી હશે તો તેની ગતિ વધુ વખત ટકશે તે કરતાં આગળ વધી સાદી જમીનને બદલે જો સંગેમરમરની સપાટ અને તે કરતાં વિશેષ કાચ ઉપર એજ પ્રયોગ કર્યો હોય તો ગતિ આગળના કરતાં વધારે ને વધારે વખત ચાલુ રહેશે. હવાની નડતરનો અટકાવ કરવો એ પણ ચોકસ હદસુધી બની શકે તેમ છે. **એરપમ્પ** (વાતશોષક યંત્ર) નામનું એક એવી રીતનું યંત્ર થાય છે કે તેમાં ગોઠવેલા પાત્રમાંથી આપણે હવા ખાલી કરી શકીએ છીએ. કોઈ પણ પાત્રમાંથી હવા સમુળગી ખાલી કરવી એ તો અશક્ય છે પરંતુ ઘણે અંશે આપણે તેમ કરી શકીએ છીએ. સાધારણ રીતે ખીંટીએથી લોલક લટકાવી તેને ગતિ આપી હોય તો બે કે ત્રણ મિનિટ સુધી ગતિમાન્ રહે છે. પણ જો તેજ લોલકને એરપમ્પના પાત્રમાં બની શકે તેટલી હવા ખાલી કીધા પછી લટકાવ્યું હોય તો તે ઘણા કલાક સુધી ગતિમાં રહી શકે છે. એક પ્રયોગમાં ત્રીસ કલાક સુધી લોલક ગતિમાન્ રહી શક્યું હતું. અર્થાત જેમ જેમ નડતર ઓછી તેમ તેમ ગતિ વધારે વાર નભી શકે એટલે કે જો નડતર બિલકુલ ન હોય તો લોલક એક વાર ગતિમાં આવેલું પાછું બંધ પડેજ નહિ.

જો ઉપર કહેલી નડતરો આપણે તદન દૂર કરી શકીએ તો બીજો નિયમ લાગુ પડી શકે પણ તેમ બનવું અશક્ય છે તેથી આપણે ત્રીજા નિયમની સહાય લઇએ છીએ.

નિયમ ૪ થો. કારણ અને કાર્યનું યુગલ એવી રીતનું હોય કે કારણનો અમુક ભાગ કાર્યના અમુક ભાગનું કારણ છે એમ જાણવામાં આવેલું હોય તો તે આખા કારણનો બાકીનો ભાગ આખા કાર્યના બાકીના ભાગનું કારણ હોવું જોઇએ.

અ કારણના ક, ખ, ગ, કટકા થઇ શકે અને તેને મળતા **આ** કાર્યના ચ, છ, જ, કટકા થઈ શકે, વળી ક એ **અ** નું કારણ છે એમ જણાયલું કે સિદ્ધ થયલું હોય તો **અ** નો બાકીનો ભાગ, ખ, ગ, **આ**ના બાકીના ભાગ છ, જ, નું કારણ હોવું જોઇએ.

પહેલી નજરે આ નિયમ એટલો તો સહેલો અને ઉઘાડો માલમ પડે છે કે તે લખવાની આવશ્યકતા ભાગ્યેજ જણાય છે. પણ નીચેના દૃષ્ટાંતો ઉપરથી જણાશે કે તે બહુ ઉપયોગી છે. એની સહાયથી ઘણાક શોધો થયલા છે. ખગોળવિદ્યાના ઘણા ખરા શોધો એના થકીજ છે.

ઇ. સ. ૧૮૦૪ થી એમ અવલોકન કરવામાં આવ્યું કે **યુરેનસ** ગ્રહની આસપાસ જે જાણવામાં આવેલા ગ્રહો છે તેની જેટલી અસર કક્ષા ઉપર પહોંચવી જોઇએ તે કરતાં એની કક્ષામાં વ્યગ્રતા વિશેષ છે. એના સંબંધમાં ઘણીક અટકળો થવા માંડી. ખરી અટકળ એ ગણિત શાસ્ત્રીઓને સૂઝી તે એ કે જાણવામાં આવેલા ગ્રહોની અસર કરતાં વ્યગ્રતા વધારે છે તો અમુક ઠેકાણે એક નવો ગ્રહ હોવો જોઇએ. ઇંગ્લાંડમાં મિએડમ્સ અને ફ્રાન્સમાં મૉનસ્યુર, લેવેરીઅર એ બેહુએ એક બીજાથી તદન સ્વતંત્રપણે એ શોધ કર્યો. વ્યગ્રતાનું કારણ આસપાસના ગ્રહોનું ખેંચાણ એજ હોવું જોઇએ. જાણીના ગ્રહોનું ખેંચાણ એટલું હોવું જોઇએ. તો બાકીની વ્યગ્રતા અમુક સ્થળે અમુક કદનો ગ્રહ હોય તોજ તે પૂરી થઈ શકે એવી રીતની તેમણે ગણત્રી કરી. મૉનસ્યુર, લેવેરીઅરે ઈ. સ. ૧૮૪૬ની ૨૩ મી સપ્ટેમ્બરે પોતાની ગણત્રી પૂરી કરી ડાકટર ગૉલને લખી વાળ્યું કે ફલાણે ઠેકાણે નવો ગ્રહ હોવો જોઇએ. ડા. ગૉલે તે ઠેકાણે બારીકીથી નિરીક્ષાગૃહ ઉપરથી અવલોકન કર્યું અને ખરેખર તેજ સ્થળે ગ્રહ જણાયો. આવી રીતે **નેપચ્યુન** ગ્રહનો શોધ થયો.

ઇંગ્લાંડમાં વાઇનનો ખપ તથા બીજી તરફ બીર તથા જલદ દારૂનો ખપ ઈ. સ. ૧૮૫૨ માં છેલ્લા સાઠ વરસ સુધીનો તપાસતાં એમ માલમ પડ્યું કે બીર તથા જલદ દારૂનો ખપ બહુ વધી ગયો

છે. અને વાઇનનો લગભગ તેટલોજ રહી ગયો છે. ખપનો આધાર વસ્તી તથા લોકોની આદત ઉપર રહેલો છે. વસ્તી એ અરસામાં બહુ વધી ગયલી છે છતાં વાઇનના ખપમાં વધારો થયો નથી તો તેનું કારણ લોકોની પીવાની આદતમાં ફેર પડી ગયલો હોવો જોઇએ અર્થાત્ વાઇન તરફ કંઇક અભાવ અને બીર તથા જલદ દારૂ તરફ કંઈક વધુ વલણ થયલું હોવું જોઇએ.

આ ફક્ત નમુનાના દાખલા આપ્યા છે. એવીજ રીતે બીજા સંખ્યા બંધ દાખલા આપી શકાય.

આ ચાર નિયમો તથા બે પુરવણીઓ લક્ષપૂર્વક વાંચી મનન કર્યાથી આ વિષયને મથાળે આપેલું જે "કાગનું બેસવું ને તાડનું પડવું" એ કથનને કિયો નિયમ લાગુ પડી શકે છે અને કાગના બેસવાથીજ તાડનું પડવું થયું એમ માનવામાં શો વાંધો છે તે ચતુર વાંચનાર સહેલાઈથી શમજી જશે.

આ નિયમો વ્યવહારી બાબતોમાં અક્ષરશઃ લાગુ પાડવા એ જરા મુશ્કેલ કામ છે; પરંતુ એટલું તો દેખીતું છે કે જેમ જેમ આપણા વિચારો એ નિયમોને વધારે ને વધારે મળતા થશે તેમ તેમ આપણા વિચારો વધારે ને વધારે શુદ્ધ ગણાશે.

ઉપરના નિયમો લાગુ પાડવામાં નીચેની ભૂલો ન થાય તે માટે સાવધાન રહેવું જોઇએ.

(૧) ખરૂં કારણ એક હોય તેને બદલે બીજુંજ કારણ તો સમજાયું નથી ?

(૨) કારણ ખરૂં પણ તેની સાથેના બીજા એકત્ર કારણ તરફ અલક્ષ.

(૩) એક કારણમાંથી નીપજેલાં બે કાર્યોને પરસ્પર કારણ-રૂપ સમજવાં.

(૪) દૂરનું કારણ હોય તેને નજીકનું કારણ સમજવું.

એ ચારે પેટાંને લગતાં દૃષ્ટાંત અનુક્રમે નીચે આપ્યાં છે.

(૧) બહુ ઠેકાણે એવો મત ફેલાયો જોવામાં આવે છે કે કારબોનિક આસિડ લોહીમાં ઝેરી અસર પેદા કરે છે. એ ભૂલાવો એમ ઉત્પન્ન થયો છે કે જ્યારે ઓક્સીજન (પ્રાણવાયુ) લોહીમાં પ્રવેશ કરી શકતો નથી, એટલે કે જ્યારે કારબોનિક આસિડનો જથો એટલો બધો થઇ જાય છે કે પ્રાણવાયુ દાખલ થઈ ન શકે ત્યારે માઠું પરિણામ નીપજે છે, બાકી કારબોનિક આસિડમાં એ અસર છેજ નહીં, તે તો લોહીમાં સર્વદા હાજર રહે છે. જનાવરોના લોહીની અંદર કારબોનિક આસિડ દાખલ કરવાના ઘણા અખતરા થએલા છે અને તેમાંથી કંઈ પણ ખરાબ અસર માલૂમ પડી નથી.

આ દૃષ્ટાંતમાં **અ** ની હાજરી કારણ ગણવામાં આવે છે પણ ખરૂં કારણ **આ** ની ગેરહાજરી છે, પણ એમાં એટલું તો ખરૂં છે કે **અ** ની હાજરીથી **આ** ની ગેરહાજરી થઇ છે: પણ તેમ તો ઇ કે ઉ ની હાજરીથી **આ** ની ગેરહાજરી નીપજી શકે પણ તેથી તે કાંઇ ખરૂં કારણ ગણી ન શકાય. દૃષ્ટાંત બીજું—એક માણસે પોતાના કોઇ વડીલ સાધુ પુરૂષની કબર પાસે થએલા મધપૂડામાંથી મધ કાઢી એક છોકરાને થુલી (જીભ ઉપર સફેદ પડ બંધાય છે તે) નો રોગ થયો હતો તેને ચટાડયું, અને તેથી તેને ફાયદો થયો. તે ઉપરથી તેણે લોકોને કહ્યું કે જૂઓ આ સાધુ પુરુષની કબરનો કેવો ચમત્કાર છે!

એ રોગને મધ ગમે તે ઠેકાણેથી આણેલું હોય, તો પણ ફાયદો કરે છે. ખરૂં કારણ મધ તેને પડતું મૂકી જૂઠુંજ કારણ બતાવવામાં આવ્યું.

વૈદકની બાબતમાં છેલ્લું ઓસડ સાજા થવાનું કારણ ગણવું એ બહુ સ્વાભાવિક છે, જો કે તેમ કરવું કેટલીકવાર ભૂલ ભરેલું પણ હોય છે. વળી યાદ રાખવું જોઇએ કે કેટલાંક દર્દો એવાં હોય

છે કે તેને સારાં કરવાને ફકત વખત આપવાની જરૂર છે. એટલો કે તેઓ પોતાની મેળેજ અમુક કાળ પછી સારાં થાય છે. તાવિઝ, તાવના દોરા, મંત્ર ઇત્યાદિ માનનારાઓ, ઉપરની બાબતોનો બહુ વાર ગેરવાજબી લાભ લઈ શકે છે એ સિવાય એક વિશેષ બાબત છે તે આ સ્થળે ભૂલી જવી ન જોઇએ. વિશ્વાસથી પણ દરદીને ફાયદો થાય છે. અમુક દવામાં કંઈ પણ ગુણ ન હોય તો પણ બીમાર માણસને જો એમ ખાતરી થઈ કે આથી મને જરૂર ફાયદો થશે તો ઘણાક રોગો એવા હોય છે કે તેને ફાયદો થોડો કે ઘણો થઇ જાય છે. આ મુદ્દાને અનુસરીને કેટલાક હકીમો દવા આપતા પહેલાં તેનાં બહુ વખાણ કરે છે, અને ફલાણા માણસોને એથી ફાયદો થયો છે એમ દરદીને કહી સંભળાવે છે.

૨ મગજનાં કેટલાંક દર્દો એવાં હોય છે કે, તેમાં ઉલટીની દવા કંઈ અસર કરતી નથી પણ જો પ્રથમથી કોઈ નિદ્રાજનક ઓસડ આપ્યું હોય તો ઉલટીની દવા અસર કરે છે. આ ઠેકાણે એક દવા નહિ પણ બન્ને દવાઓને ઉલટી આણવાનું કારણ સમજવું જોઇએ.

જો આપણને કોઇ કહે કે ફલાણો માણસ દ્રવ્ય ગુમાવ્યાથી ગાંડો બની ગયો, તો તેમાંથી તરત શંકા નીકળશે કે ફલાણા ફલાણાએ દ્રવ્ય ખોયું પણ તેઓ કાંઈ ગાંડા બની નથી ગયા. જો માત્ર એજ કારણ હોય તો તેમાંથી એકજ અચળ કાર્ય નીપજવું જોઇએ. અર્થાત્ એ દીવાનાપણાનું એકજ કારણ નથી, પણ એની સાથે બીજાં કારણો પણ હોવાં જોઇએ.

૩. અમુક બંદરમાં એમ દીઠામાં આવ્યું કે જયારે જયારે ત્યાં કોઇ બહારનું વહાણ લંગર નાખતું ત્યારે ત્યારે ગામના લોકોને સરદી થઇ આવતી. આમ થવાનું કારણ શું તે વિષે તરેહવાર અટકળો ચાલતી. ત્યાંના ડાકતરે અભિપ્રાય આપ્યો કે વહાણમાંથી નીકળતી બદબો એનું કારણ હોવું જોઇએ, પણ એ કારણ સંતોષ-

કારક ન જણાયું. અંતે ખરૂં કારણ જડયું. એ બંદરની બાંધણી એવી રીતની હતી કે ઇશાન કોણ તરફનો પવન વાય, ત્યારેજ વહાણ બંદરમાં આવી શકે. અર્થાત્ વહાણનું આવવું એ સરદી થવાનું કારણ નહોતું પણ ઇશાની પવન એ વહાણના આવવાનું તેમજ સરદી થવાનું કારણ હતું.

૪. નજીકનું કારણ શું છે અને દૂરનું કારણ શું છે એ જાણવું કોઇવાર સંસાર વ્યવહારમાં બહુ ઉપયોગી થઇ પડે છે કેમકે નજીકનું કારણ દૂર કર્યાથી તેમાંથી નીપજેલું કાર્ય થોડો વખત બંધ પડે. પણ ફરી દૂરના કારણ થકી તે પાછું ઉત્પન્ન થાય; અથવા એમ બને કે દૂરનું કારણ કાઢી નાંખ્યા છતાં કાર્ય પૂર જોશમાં ચાલુ રહે.

કલકત્તાના **બ્લેક હોલ** [કાળાગૃહ]માં પૂરાએલા કેદીઓ જ્યારે બહુ તરસથી અકળાતા હતા ત્યારે તેમને પાણી આપવામાં આવ્યું. જેમ જેમ તેઓ વધારે પાણી પીએ તેમ તેમ પાણી પીવાની તૃષ્ણા વધતી જાય. જ્યાં સુધી પાણી તેમને નહોતું દેખાડયું ત્યાં સુધી જેમ તેમ તેઓ પોતાની તરસ દાબી રાખતા પણ પાણી પાસે આવ્યાથી તૃષ્ણામાં વધારો થયો. અને પાણી પીધાથી તૃપ્તિ થતી નહોતી. શરીરમાં પ્રવાહી પદાર્થની ન્યૂનતા એજ તરસનું કારણ ગણીએ તો ઉપલો બનાવ સમજાવી ન શકાય તેવો થઇ પડે. એ મૂળ કારણ છે ખરૂં પણ એમાંથી ઉત્પન્ન થતું બીજું નજીકનું કારણ છે. પ્રવાહી પદાર્થની એ ન્યૂનતામાંથી મ્હોડામાં અને ગળામાં એક જાતની ઉષ્ણતા પેદા થાય છે. પાણી પીધાથી એ ન્યૂનતા મટે છે. પણ તરતજ લોહીનો વધારે મોટો પ્રવાહ એ સ્થળે આવે છે અને તેથી પાણીની તૃષ્ણા વધારે થાય છે. અર્થાત્ મૂળ કારણનો નાશ થાય છે પણ નજીકનું કારણ પૂર જોશમાં રહે છે, એટલુંજ નહીં પણ વૃદ્ધિ પામે છે. એ કેદીઓએ જો થંડા પાણીને બદલે જરા જરા ગરમ ચાહે પીધી હોત, અથવા બરફના કટકા મ્હોંમાં રાખી પીગળવા દેત તો તેની અસર જુદીજ થાત.

આ ભૂલો કાર્ય અને કારણ સિવાય ત્રીજી કોઇ બાબત તરફ દુર્લક્ષમાંથી જન્મ પામે છે. પણ એનો બીજો પણ પ્રકાર છે. કોઈવાર બે બાબતોમાંથી કારણ કયું અને કાર્ય કયું, તે પિછાનવું મુસ્કેલ થઈ પડે છે, કેમકે એકની અસર બીજા ઉપર પહોંચે છે અને ફરી બીજાની અસર પહેલા ઉપર પહોંચે છે જેમકે ઉદ્યોગ કર્યાની ટેવ પડયાથી ધન પેદા થાય છે, અને ધન પેદા થવાથી ઉદ્યમ કરવા વધારે મન થાય છે. બીજો દાખલો લઇએ, વિદ્યાભ્યાસથી સમજ શકિત તીક્ષ્ણ થાય છે અને શમજશકિત તીક્ષ્ણ થયાથી અભ્યાસ કરવા વધારે રુચિ થાય છે. છાકટાપણું લોકોની હલકી બુદ્ધિમાંથી પેદા થાય છે અને તેને ઉલટાવી નાંખીએ તો છાકટાપણાથી બુદ્ધિનું ખેડાણ થતું અટકે છે અને તેથી જે કારણથી તે ઉપજ્યું તેને પુષ્ટિ મળે છે.

સાઈકલોન [વાતચક્ર] વેળા જે હુડાહુડ વરસાદ પડે છે તે કાર્ય છે કે કારણ એ એક સવાલ ઉભો થએલો છે.

ઉપરનું વિવેચન પૂર્ણ અનુમાન સંબંધી છે. હવે અપૂર્ણ અનુમાનના વિષય ઉપર આવીએ છીએ.

અપૂર્ણ અનુમાન બે પ્રકારનાં છે. સાદશ્ય અને સાદી ગણત્રી. સાદશ્ય—બે બનાવો અમુક તપાસવામાં આવેલી બાબતોમાં મળતા આવે છે માટે બીજી અમુક નહીં તપાસાએલી બાબતોમા પણ તેઓ મળતા હોવા જોઇએ.

બે બનાવો **અ** ને **બ** માં ત્રણ બાબતો ક ખ ને ગ જોવામાં આવી; વિશેષ **અ** માં **ચ** બાબત છે. તે ઉપરથી અનુમાન કે **બ**માં **ચ** બાબત ઘણું કરી હોવી જોઇએ.

પૃથ્વી એ ગોળો છે તેમ ચંદ્રમાં પણ ગોળો છે, પૃથ્વી જેમ બીજા ગોળાની આસપાસ ફરે છે. તેમ ચંદ્રમા પણ ફરે છે. પૃથ્વીની સપાટી ઉપર પહાડો છે તેમ ચંદ્રની સપાટી ઉપર પણ છે. પૃથ્વી ઊપર ઝાડ પાન અને વસ્તી છે, માટે ચંદ્રમા ઉપર પણ હોવાં જોઇએ.

એ પ્રકારના અનુમાનની કીમત એ બે બનાવોમાં જાણવામાં આવેલી મળતી આવતી બાબતો કેટલી છે અને નહિ મળતી આવતી કેટલી છે તેના ઉપર આધાર રાખે છે, જો મળતી આવતી બાબતો ચાર હોય અને જુદી પડતી બાબતો ત્રણ હોય, તો અનુમાન પોણોસો ટકા ખરૂં છે એમ કહેવાય એમાં એક રીતે સંભાળ એમ રાખવી જોઇએ કે મળતી આવતી બાબતો એક બીજાથી તદન સ્વતંત્ર હોવી જોઇએ. એટલે કે પરસ્પર કારણરૂપે જોડાએલી ન હોવી જોઇએ. બીજી સંભાળ એ લેવાની છે કે જે બાબત મળતી આવતી છે એમ સિદ્ધ કરવાનું હોય તે બાબત જાણવામાં આવેલી મળતી આવતી બાબતો કે જુદી પડતી બાબતોની સાથે કારણરૂપે જોડાએલી ન હોવી જોઇએ. જો ઊપર કહેલી ત્રણ બાબતોમાંથી ક ખ કારણરૂપે જોડાએલી હોય તો મળતી આવતી બાબતો ત્રણ નહીં પણ બે ગણવી જોઇએ.

સાદૃશ્યમાંથી નીકળતો ભુલાવો—કેટલીક ઉપયોગી વેપારની જણસોની પેદાશમાં જો આખી દુનિયામાં મોટો અને જાથુકનો ઘટાડો થાય તો આપણને બહુ નુકસાન થાય, જેમકે હાલ જેટલું અનાજ પૃથ્વી ઉપર પાકે છે તેથી ફક્ત અરધુંજ પાકે તો તેથી થતી નુકસાની દેખીતીજ છે. એવીજ રીતે લોખંડ કે કોલસાના જથામાં ઘટાડો થએથી પણ એજ પરિણામ નીપજે એમ આપણે જાણીએ છીએ. એ ઉપરથી અનુમાન કે સોનું કે રૂપું, જે ઉપયોગી વેપારની જણસો છે તેની પેદાશમાં જો ઘટાડો થાય તો આપણને ભારે નુકસાન થાય. આ અનુમાન ખોટું છે, કેમકે સોના રૂપાનો વેપારની રીતે ઉપયોગ તેની અછત ઉપરજ આધાર રાખે છે. જો આખી દુનિયામાં રૂપું હાલ નીકળે છે તેથી અડધુંજ નીકળે તો રૂપાના સિક્કા હાલ જે ચાલે છે તે કદમાં અરધા થઈ જાય, નુકસાની ગણીએ તો એટલીજ. હા, જેમને ઘરેણાં ઉપર પ્રીતિ છે તેમને જરા ભારે પડતું થાય, કદાચ ઘરેણાંનાં કદ હાલના કરતાં અરધાં થઈ જાય.

આ દૃષ્ટાંત અપૂર્ણ સાદૃશ્ય નહિ, પણ તેનો ગેરઉપયોગ કર્યાથી ખોટા અનુમાનનું છે.

પહેલા નિયમમાં આપણે ઘણાક દાખલાઓનું અવલોકન કરી અનુમાન કાઢીએ છીએ અને તેમાં ભૂલ ન આવે માટે જુદી જુદી જાતના અને જેમ બને તેમ વધારે દાખલા લઇએ છીએ. એ સંભાળ જો ન લઇએ તો અનુમાન અપૂર્ણ બને છે.

દૃષ્ટાંત—કોઈ માણસે પ્રથમથીજ કહ્યું હોય કે ફલાણી બાબતનું પરિણામ આમ નીપજશે, અને ખરેખર તેમજ બન્યું, તે ઉપરથી અનુમાન કે એને એ બાબતનું પૂર્વ જ્ઞાન હતું, અને તેથી પણ આગળ વધી એમ માની લેવું કે એવી બાબતોમાં જે એ ભવિષ્ય ભાખે તે ખરૂંજ પડશે, એ બહુ અપૂર્ણ અનુમાન ગણાય. એમ ધારો કે એની વાત એક નહિ પણ એ ત્રણવાર ખરી પડી તો પણ એ અનુમાન અપૂર્ણ ગણાય.

ગામડાઓમાં અભણ લોકો ઘણું કરી એજ ધોરણપર વર્તે છે. એ ત્રણ બાબતો ઉપરથી કોઈ સાધારણ રીતે ભણેલા હુશિયાર માણસ ઉપર આસ્થા બેસી ગઇ તો પછી હમેશા તેના કહ્યામાંજ તે રહેવાના.

એ ત્રણવાર મીંદડી આડી ફરી ગઈ અને કામની સિદ્ધિ ન થઈ તે ઉપરથી અનુમાન કે કામની સિદ્ધિ ન થઈ તેનું કારણ મીંદડીનું આડું ફરી જવું ઇત્યાદિ દાખલાઓ આ વિષયને આરંભે આપેલા છે માટે અહીં વિશેષ આપ્યા નથી. આ દાખલાઓ સાદી ગણત્રીના પેટામાં આવે છે.